dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 94 | AD - 2025, Paush Sud-07 | Monday, Dt.06-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## દિલ્હીને આધુનિક બનાવવાનું તમામ કામ કેન્દ્રની ભાજપ સરકાર કરી રહી છે

# દિલ્હીને વિકસિત ભારતની રાજધાની તરીકે વિકસાવવી પડશે : પીએમ મોદી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીમાં નમો ભારત કોરિડોરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સિવાય તેણે સાહિબાબાદથી ન્યૂ અશોક નગર સુધીની આ ટ્રેનમાં પણ મુસાફરી કરી હતી. આ પછી પીએમ મોદી રોહિણી પહોંચ્યા અને અહીં જનસભાને સંબોધિત કરી. તેમણે કહ્યું કે આવનારા ૨૫ વર્ષ દિલ્હીના ભવિષ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ૨૫ વર્ષોમાં ભારત એક વિકસિત રાષ્ટ્ર બનશે. વિકસિત ભારતની આ યાત્રાને આપણે આપણી આંખો સમક્ષ જોઈ શકીશું. વિકસિત ભારતની આ યાત્રામાં એક મોટું સીમાચિહ્ન ટૂંક સમયમાં આવવાનું છે. જ્યારે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનશે. આ ગૌરવપૂર્ણ યાત્રામાં દેશની રાજધાની દિલ્હીને સ્ટેપ બાય સ્ટેપ ફોલો કરવું ખૂબ જ જરૂરી છે. આપણે આપણી દિલ્હીને વિકસિત ભારતની રાજધાની તરીકે વિકસાવવી પડશે. આ આપણા બધાનું સપનું છે, તેથી હું દિલ્હીના લોકોને અપીલ કરવા આવ્યો છું. હું તમારા બાળકોના ભવિષ્ય માટે ભાજપને તક આપવા અપીલ કરવા આવ્યો છું. આ ભાજપ જ દિલ્હીનો વિકાસ કરી શકે છે. છેલ્લા દસ વર્ષમાં દિલ્હીએ જે પ્રકારની સરકાર જોઈ છે તે કોઈ આફતથી ઓછી નથી. દિલ્હીની જનતાને આજે આ વાત સારી રીતે સમજાઈ ગઈ છે. તેથી જ હવે દિલ્હીમાં એક જ અવાજ ગુંજી રહ્યો છે, ‘અમે આફત સહન નહીં કરીએ, પરિવર્તન સાથે જીવીશું’. લોકસભા ચૂંટણીમાં દિલ્હીની જનતાએ તમામ સાંસદોને આશીર્વાદ આપ્યા હતા, મને ખાતરી છે કે વિધાનસભાની ચૂંટણીમાં પણ આશીર્વાદ મળવાના છે.



ભાજપે દિલ્હીમાં પોતાના શ્રેષ્ઠ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. હું તમામ ઉમેદવારોને કહીશ કે દિલ્હીના દિલ જીતવાનો આ સુવર્ણ સમય છે. સાથે મળીને દિલ્હીને આપત્તિમાંથી મુક્ત કરો. દિલ્હીને વિશ્વના શ્રેષ્ઠ શહેરોમાંથી એક બનાવવાનો અમારો સંકલ્પ છે. દિલ્હી એક એવું શહેર બનશે જે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના સપના પૂરા કરશે. દિલ્હી યુવાનો માટે નવું ભવિષ્ય બનાવવાનું શહેર બનશે. દિલ્હીને એવા વિકાસની જરૂર છે જે વિશ્વ માટે શહેરી વિકાસનું મોડેલ બને. આ ત્યારે જ બની શકે જ્યારે કેન્દ્ર અને રાજ્ય બંનેમાં ભાજપની સરકાર કામ કરે. જેને દિલ્હીની પરવા નથી તે દિલ્હીનો વિકાસ કરી શકતો નથી.

આજે પણ દિલ્હીને આધુનિક બનાવવાનું તમામ કામ કેન્દ્રની ભાજપ સરકાર કરી રહી છે. દિલ્હીમાં મોટા પ્રોજેક્ટ્સની જવાબદારી કેન્દ્ર સરકારની છે. જ્યારે દિલ્હી મેટ્રો દરેક ખૂણે પહોંચે છે, ત્યારે આ કામ ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લા એક દાયકામાં દિલ્હી-એનસીઆરમાં મેટ્રો નેટવર્ક બમણાથી વધુ વધી ગયું છે. અહીં આફતવાળાઓએ દિલ્હીનું વાતાવરણ બગાડ્યું છે. કેબ ડ્રાઈવરો અને ઓટો ડ્રાઈવરો દિલ્હીના ઘણા વિસ્તારોમાં જવાનું ટાળે છે કારણ કે ત્યાં લાંબા ટ્રાફિક જામ છે. આનાથી સામાન્ય નાગરિકો જ પરેશાન નથી, લાખો વેપારીઓ પણ આ દુર્ઘટનાથી કંટાળી ગયા છે. આપત્તિગ્રસ્ત લોકો કેન્દ્ર સરકાર પર ખોટો આરોપ લગાવે છે કે કેન્દ્ર પૈસા આપતું નથી, પરંતુ શીશ મહેલ તેમના જુઠ્ઠાણાનું ઉદાહરણ છે. આ જાણીને તમને દુઃખ થશે, દેશભરના લોકો ચોંકી જશે, જ્યારે દિલ્હીના લોકો કોરોના સામે ઝઝૂમી રહ્યા હતા, જ્યારે લોકો ઓક્સિજન અને દવાઓ માટે ભટકતા હતા, ત્યારે તેમનું સંપૂર્ણ ધ્યાન તેમના કાચના મહેલ બનાવવા પર હતું. તેમણે શીશમહેલ માટે મોટું બજેટ બનાવ્યું અને આજે એક અખબારે ખુલાસો કર્યો કે કેવી રીતે આ શીશમહેલ પર બજેટ કરતાં ત્રણ ગણા પૈસા ખર્ચવામાં આવ્યા. આ તેમનું સત્ય છે. તેમને દિલ્હીના વિકાસની ચિંતા નથી, તેથી જ આજે દરેક દિલ્હીવાસી કહી રહ્યા છે - ‘અમે આફત સહન નહીં કરીએ, પરિવર્તન સાથે જીવીશું’.

પીએમ મોદીએ કહ્યું કે, આ દુર્ઘટનાના લોકોએ દિલ્હીને દયનીય બનાવી દીધું છે. પાર્કિંગના અભાવે ઝઘડા થાય છે. દિલ્હીના વેપારીઓ પણ આ દુર્ઘટનાથી કંટાળી ગયા છે. આ દુર્ઘટનાગ્રસ્ત લોકો કોઈ પણ સંજોગોમાં દિલ્હીનો વિકાસ કરી શકે નહીં. તેમણે કહ્યું કે આપ સરકાર જેની પાસે દિલ્હી માટે કોઈ વિઝન નથી, જેને દિલ્હીની પરવા નથી તે દિલ્હીનો વિકાસ કરી શકતી નથી. દિલ્હીને આધુનિક બનાવવાનું તમામ કામ કેન્દ્રની ભાજપ સરકાર કરી રહી છે.




## સિડની ટેસ્ટમાં ભારતની શરમજનક હાર, ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી ૩-૧થી કબજે કરી

સિડની,તા.૫



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪-૨૫ની પાંચમી અને અંતિમ મેચ સિડનીમાં રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમને ૬ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાની ટીમને જીતવા માટે ૧૬૨ રનનો ટાર્ગેટ હતો, જેણે રમતના ત્રીજા દિવસ (૫ જાન્યુઆરી)ના બીજા સેશનમાં હાંસલ કર્યો હતો. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટેસ્ટ શ્રેણી ૩-૧થી કબજે કરી લીધી છે. ઓસ્ટ્રેલિયાએ ૯ વર્ષ બાદ ભારત સામે ટેસ્ટ શ્રેણી જીતી છે. આ જીત સાથે કાંગારૂ ટીમે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પણ એન્ટ્રી મેળવી લીધી છે. હવે **WTC** ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના વર્તમાન ચક્રની ફાઈનલ આગામી વર્ષે ૧૧-૧૫ જૂન દરમિયાન ક્રિકેટના મક્કા લોર્ડ્સ ખાતે રમાશે. ભારતીય ટીમ સતત બે ફાઈનલ રમી હતી, જ્યાં તેને પહેલા ન્યુઝીલેન્ડ અને પછી ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે ભારતીય ટીમનું ત્રીજી વખત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં પહોંચવાનું સપનું ચકનાચૂર થઈ ગયું છે. સિડની ટેસ્ટમાં ભારતીય ટીમનો બીજો દાવ ૧૫૭ રનમાં સમેટાઈ ગયો હતો. ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટ ગુમાવી વિજય લક્ષ્યાંક હાસલ કર્યો હતો.










## કિશ્તવાડમાં કાર નદીમાં પડતા ૪ના મોત, બે લાપતા

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૫



જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં રવિવારે એક માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા છે. આ દુર્ઘટના કિશ્તવાડ જિલ્લાના પદાર વિસ્તારમાં થઈ હતી, જ્યારે એક વાહન રસ્તા પરથી લપસીને નદીમાં પડી ગયું હતું. અકસ્માત બાદ વાહનનો ડ્રાઈવર અને અન્ય બે લોકો ગુમ થઈ ગયા છે. પોલીસે મામલાની તપાસ શરૂ કરી દીધી છે અને બચાવ કામગીરી ચાલી રહી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વાહનમાં કુલ છ લોકો હતા, જેમાંથી ચારના મોત નિપજ્યા છે, જ્યારે ડ્રાઈવર સહિત બે અન્ય લોકો ગુમ છે. ઘટનાસ્થળે પહોંચ્યા બાદ રેસ્ક્યુ ટીમે મૃતકોને શોધ્યા, પરંતુ ગુમ થયેલા લોકો શોધી શક્યા નથી. ગુમ થયેલા લોકોની શોધખોળ માટે બચાવ કાર્ય તેજ કરી દેવામાં આવ્યું છે.

ઉધમપુરના સાંસદ અને કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે આ દુઃખદ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. "એ જાણીને દુઃખ થાય છે કે વાહનમાં ચાર મુસાફરો મૃત હાલતમાં મળી આવ્યા છે," તેમણે એકસ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. ડ્રાઈવર અને અન્ય બે વ્યક્તિઓનો હજુ સુધી કોઈ પત્તો લાગ્યો નથી. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી દિલથી સંવેદના." મંત્રી જિતેન્દ્ર સિંહે વધુમાં જણાવ્યું હતું કે, “મેં દુર્ઘટનાની માહિતી મળ્યા બાદ કિશ્તવાડના ડેપ્યુટી કમિશનર રાજેશ કુમાર શાવનનો સંપર્ક કર્યો છે અને બચાવ કામગીરી પર નજર રાખી રહ્યો છું. હું ક્ષણે ક્ષણે માહિતી લઈ રહ્યો છું.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૦૬-૦૧-૨૦૨૫

# સાવરકુંડલામાં લાયન્સ ક્લબ દ્વારા વિનામૂલ્યે એક્યુપ્રેશર નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા શહેરના લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે આજરોજ લાયન્સ કલબ ઓફ સાવરકુંડલા દ્વારા વિનામૂલ્યે એક્યુપ્રેશર નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૭૫થી વધુ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.



આ સેવાયજ્ઞમાં ગોંડલથી લાયન ભાઈલાલભાઈ કે. ધીણોજા (પ્રેસિડેન્ટ) તેમજ રાજકોટથી કિશોરભાઈ વાળા, દિનેશભાઈ ખખ્ખર અને અરવિંદભાઈ પરમાર જેવા અનુભવી એક્યુપ્રેશરિસ્ટે સેવાઓ આપી હતી. ૧૦૦ જેટલા સક્રિય સભ્યો ધરાવતી લાયન્સ કલબ ઓફ સાવરકુંડલાના વર્તમાન હોદ્દેદારોમાં પ્રેસિડેન્ટ તરીકે પ્રતિકભાઈ નાકરાણી, વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિલેશ વાઘેલા, સેક્રેટરી તરીકે દિનેશ કારીયા અને ટ્રેઝરર તરીકે જતિન બનજારા સેવારત છે.

# સાવરકુંડલામાં પ.પૂ. ઉષામૈયાના જન્મ દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં આજે લોહાણા મહાજન વાડી ખાતે પ.પૂ. ઉષામૈયાના ૮૬મા જન્મદિન નિમિત્તે શહેરમાં છેલ્લા ૨૨ વર્ષથી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલ સદભાવના ગ્રુપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પ પૂર્ણ થતાં ૨૪૪ બોટલ



રક્ત એકત્ર થયું હતું, એમ રાજુભાઈ નાગ્રેચાએ જણાવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં દાતા દિલીપભાઈ દોરડાવાળા અને કેતનભાઈ ડોડીયાનો સહકાર મળ્યો હતો. હાલ પ. પૂ. ઉષામૈયા કુંભમેળામાં હોય ત્યાંથી તેમણે આ સદભાવના ગ્રુપ સાથે આ સંદર્ભે વાત કરેલ અને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા સદભાવના ગ્રુપના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલામાં બ્રેઈલ લિપીના શોધક લૂઈ બ્રેઈલની ૨૧૬મી જન્મ જયંતીની ઉજવણી

સાવરકુંડલા, તા.૦૫



સાવરકુંડલામાં બ્રાંચ શાળા નંબર ૫માં આજે વિશિષ્ટ શિક્ષક અજયભાઈ આર. મહેતા દ્વારા લૂઈ બ્રેઈલની ૨૧૬મી જન્મ જયંતીની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. દિવ્યાંગ બાળકો, સામાન્ય બાળકોએ ચિત્રકાર્ય, રંગપૂરણી જેવી વિવિધ પ્રવૃત્તિ કરી હતી અને તેમને ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

# સાવરકુંડલા શહેરની કે.કે. હાઈસ્કૂલમાં એનએસએસ વાર્ષિક શિબિરનો ભવ્ય પ્રારંભ

સાવરકુંડલા, તા.૦૫

નૂતન કેળવણી મંડળ સંચાલિત કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, અમરેલીના એનએસએસ વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ×ખાસ વાર્ષિક શિબિર×નો પ્રારંભ થયો હતો. બોઘરીયાણી ખોડીયાર માતાજીની



નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે AEI DEO કચેરી, અમરેલીના જન્મેજયભાઈ ચૌહાણ, ધજડીના ઉપસરપંચ જયેશભાઈ રાદડિયા, ધજડીપરા પ્રાથમિક શાળાના આચાર્ય ભીખુભાઈ આજગિયા સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં ધજડીપરા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીત અને કે.કે. હાઈસ્કૂલની વિદ્યાર્થિની નિશા જમોડે ભરતનાટ્યમની પ્રસ્તુતિ કરી હતી.

# નાના કણકોટની દીકરીએ વધાર્યું ગામનું ગૌરવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી

લીલીયા, તા.૦૫

લીલીયા તાલુકાના નાના કણકોટ ગામની દીકરી રાધિકા ઘનશ્યામભાઈ પોલરાએ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી મેળવી ગામનું નામ રોશન કર્યું છે. નાની ઉંમરે પિતાનું અવસાન થયા બાદ પણ પરિવારના સહયોગથી શિક્ષણ મેળવી આગળ વધેલી રાધિકાએ પોલીસ વિભાગમાં સેવા આપતા આજે મહત્વપૂર્ણ બઢતી મેળવી છે. પોલરા પરિવારની આ દીકરીની



સિદ્ધિથી સમગ્ર નાના કણકોટ ગામમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. ગામના સરપંચ હસમુખભાઈ પોલરા, પ્રતાપભાઈ ખુમાણ અને કુલદીપભાઈ ખુમાણ સહિત સમગ્ર ગ્રામજનોએ શુભેચ્છાઓ પાઠવી છે.

# સાવરકુંડલામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા છાત્રશક્તિ યાત્રા યોજાઈ

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા છાત્રશક્તિ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવનિર્માણ આંદોલન કે, જે ૨૦ ડિસેમ્બર ૧૯૭૪થી શરૂ થયું હતું જેના ૫૦ વર્ષ પૂર્ણ થયા છે તેના ઉપલક્ષ્યમાં એબીવીપી દ્વારા આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એબીવીપીના અમરેલી જિલ્લાના અધ્યક્ષ નીતિનભાઈ નકુમ, ભાવનગરના નગર સંયોજક કિશનભાઈ દવે અને સંઘમાંથી સાવરકુંડલા નગરના પ્રચાર પ્રમુખ જસ્મીનભાઈ ટાંક ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાંથી ૪૫ નંગ ચાઈનીઝ ફીરકી ઝડપાઈ

અમરેલી, તા.૦૫

અમરેલી શહેરમાંથી ચાઈનીઝ બનાવટની ૪૫ નંગ ફીરકી સાથે એક યુવક ઝડપાયો હતો. જૈદ આરીફભાઈ મેતર (ઉ.વ.૨૨) ના કબ્જામાંથી ચાઈનીઝ બનાવટની ફીરકી નંગ-૪૫ મળી આવી હતી. પોલીસે કુલ રૂા.૧૬,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંથી એક મહિલા સહિત પાંચ લોકો જુગાર રમતાં ઝડપાયા

અમરેલી, તા.૦૫

અમરેલી શહેરમાંથી પોલીસે એક મહિલા સહિત પાંચ લોકોને જુગાર રમતાં ઝડપી પાડ્યા હતા.

તેમની પાસેથી ૨૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. અશોકભાઈ શંભુભાઈ સાંકળીયા, ઈસાભાઈ ગનીભાઈ માંડલીયા, સીદીશા બાદલશા રફાઈ, હનીફશા સીદીશા રફાઈ તથા એક મહિલા તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૨૩૦૦ સાથે ઝડપાયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.










## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી નં.૧૧૪/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી સોમચંદભાઈ દાતાર સોલંકી
રહે. મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

વકીલશ્રી એન.એમ.જાદવ રહે.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના રહીશ શ્રી સોમચંદભાઈ દાતાર સોલંકી તથા શ્રી ઉષાબેન સોમચંદભાઈ સોલંકીનો પુત્ર શ્રી પ્રતિકકુમાર સોમચંદભાઈ સોલંકી નો જન્મ તા.૧૯/૦૩/૨૦૦૩ માં કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના મુળદ્વારકા ગામના સને. ૨૦૦૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**કોર્ટનો સિક્કો**

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી નં.૫૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી જનકકુમાર દેવીપ્રસાદ મિશ્રા
રહે.સાંઢણીધાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

વકીલશ્રી, એન.એમ.જાદવ રહે.કોડીનાર, તા.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સાંઢણીધાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામના રહીશ શ્રી જનકકુમાર દેવીપ્રસાદ મિશ્રા ના માતાશ્રી ઉર્મિલાબેન દેવીપ્રસાદ મિશ્રા નું મરણ તારીખ: ૧૦/૦૨/૨૦૦૦ની રોજ સાંઢણીધાર ગામમાં થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના સાંઢણીધાર ગામના સને. ૨૦૦૦ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**કોર્ટનો સિક્કો**

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી નં.૧૧૬/૨૦૨૪

**પ્રતિ,**
શ્રી લાખાભાઈ કરશનભાઈ સોલંકી
રહે. દેવલપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

વકીલશ્રી કે.ડી.ભેડા રહે.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, દેવલપુર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના દેવલપુર ગામના રહીશ શ્રી કરશનભાઈ જીવાભાઈ સોલંકી તથા શ્રી મલાઈબેન કરશનભાઈ સોલંકીની પુત્રી શ્રી દેવીબેન કરશનભાઈ સોલંકી નો જન્મ તા.૨૪/૧૧/૧૯૭૯ માં કોડીનાર તાલુકાના દેવલપુર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના દેવલપુર ગામના સને.૧૯૭૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૨/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**કોર્ટનો સિક્કો**

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## ઉના-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-

કેસ -નં.૧૪૯/૨૦૨૪

અરજદાર :- શ્રી સોલંકી દાનાભાઈ કાનાભાઈ
રે.વરસીંગપુર,તા.ઉના
-: વિરૂધ્ધ :-
વકીલશ્રી :- બી.કે.બાંભણીયા-ઉના
સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. વરસીંગપુર ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના ઉના વરસીંગપુર ગામના રહીશશ્રી સોલંકી દાનાભાઈ કાનાભાઈએ તેઓના પુત્રશ્રી જગદીશભાઈ દાનાભાઈ સોલંકી જન્મ તા.૦૧/૦૩/૨૦૦૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**

# અમરેલી શહેરમાં ટ્રાફિકની સમસ્યાથી શહેરીજનો ત્રસ્ત

અમરેલી, તા.૦૫



અમરેલી શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિક અને પાર્કિંગ સમસ્યાને કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. હાલમાં ભીડભંજન રોડથી હીરામોતી ચોક સુધીનો રસ્તાનું રીપેરીંગ થઈ રહ્યું છે. તેમાં પણ યોગ્ય બેરીકેટ ન મુકવાના કારણે મોટા વાહનો પણ તેમાં ઘૂસી જાય છે. આ ઉપરાંત શહેરનાં મુખ્ય માર્ગો પર આડેધડ પાર્કિંગ અને લારીવાળાઓના કારણે ટ્રાફિક ખૂબ જ થાય છે. હાલમાં રોડ-રસ્તાઓના રીપેરીંગના કારણે એસ.ટી.ના ઘણા રૂટ શહેરની અંદરથી ડાયવર્ટ કરેલા હોય, આડેધડ પાર્કિંગનાં કારણે એસ.ટી. બસ, એમ્બ્યુલન્સ પણ ટ્રાફિકમાં ફસાઈ જાય છે. શહેરના મુખ્ય રસ્તા પર ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક પોલીસ કાર્યવાહી કરે તેવી શહેરીજનોમાંથી માંગ ઉઠી છે.

## જામીન મળ્યાનાં બે દિવસ બાદ પીડિતાએ મીડિયા સાથે કરી વાત

# બોગસ લેટરકાંડમાં પાયલ ગોટીએ ન્યાય માટે કૌશિક વેકરીયાને પત્ર લખ્યો

અમરેલી, તા.૦૫



અમરેલી તાલુકા પંચાયતનાં પ્રમુખ કિશોરભાઈ કાનપરીયાનાં બોગસ લેટરપેડ દ્વારા કૌશિકભાઈ વેકરીયાની છબી ખરડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસે ૪ લોકોની ધરપકડ કરી હતી. જેમાંથી મનિષ વઘાસીયાની ઓફિસમાં કામ કરતા પાયલબેન ગોટીને પણ આરોપી બતાવવામાં આવતા સમગ્ર સમાજમાં તેનાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. તે માટે સામાજીક સંસ્થાઓ અને લોકો આગળ આવ્યા હતા. બે દિવસ પહેલા પાયલબેન ગોટીનું નામ આરોપી તરીકેથી જ રદ્દ કરવાની સહમતી પણ ફરિયાદીએ દર્શાવી હતી. ત્યારબાદ પાયલબેનને જામીન મળેલ. જેના બે દિવસ બાદ તેમણે આજે વિઠ્ઠલપુર ખાતે તેમના ઘરે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં તેમણે તેમની સાથે થયેલા અન્યાય બદલ અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ન્યાય માટે પત્ર દ્વારા રજૂઆત કરી છે. જેમાં ભવિષ્યમાં કોઈપણ દીકરી સાથે આવી ઘટના ન બને તે માટે યોગ્ય પગલા લેવા માંગ કરી છે. સાથે જ તેમણે સાથ સહકાર આપનાર તમામનો આભાર વ્યકત કર્યો હતો.

# અમરેલીની વિદ્યાર્થિની સૌરાષ્ટ્ર યુનિ.ની ક્રિકેટ ટીમમાં સિલેક્ટ

## આગામી દિવસોમાં ઉદેપુર ખાતે નેશનલ કક્ષાની મેચ રમવા જશે



અમરેલી, તા.૦૫

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની એફ.વાય.બી.એ. સેમ-૨ની વિદ્યાર્થિની સરવૈયા પરિતાબેન રાહુલભાઈ (ગામ અમરેલી)એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આયોજીત યુનિ. કક્ષાની ક્રિકેટ ટીમમાં સિલેકશન મેળવી સમગ્ર અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું. આગામી દિવસોમાં રાજસ્થાનના ઉદેપુર ખાતે આયોજીત નેશનલ કક્ષાની ક્રિકેટ ટીમમાં રમવા જશે.

# વિઠ્ઠલપુર ખાતે પાયલ ગોટીની મુલાકાત લેતા કોંગ્રેસના આગેવાનો



## પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાતે સમગ્ર ઘટનાક્રમ જાણ્યો

અમરેલી, તા.૦૫

બોગસ લેટરકાંડમાં ફસાયેલ પાયલ ગોટીના જામીન બાદ વિવિધ સામાજીક અને રાજકીય આગેવાનોએ તેમના ઘરે જઈ તેની સાથે થયેલા વર્તાવની વિગતો જાણી હતી. પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે પણ વિઠ્ઠલપુર ખાતે પાયલ ગોટીની મુલાકાત લીધી હતી. અને નિર્ભય રીતે આપવીતી જણાવવા કહ્યું હતું. મુલાકાત દરમિયાન પાયલે સમગ્ર ઘટનાક્રમ વર્ણવ્યો હતો. કોંગ્રેસના આગેવાનોએ તેમને આશ્વાસન આપેલ હતું.

# B.A.(Psy.) સેમ.-૪ની પરીક્ષામાં ગજેરા સંકુલની વિદ્યાર્થિનીઓની ઝળહળતી સફળતા



## શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા

અમરેલી, તા.૦૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં B.A.(Psy.) સેમ.-૪ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. આ પરીક્ષામાં ગજેરા કેમ્પસની શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું ૧૦૦ ટકા પરિણામ સાથે ૧૦૦ ટકા ફર્સ્ટ ક્લાસ આવેલ છે. જેમાં જમોડ જયા એલ. ૮૯.૨૫ ટકા સાથે પ્રથમ, ગજેરા ગ્રીષા આર. ૮૮.૫૦ ટકા સાથે દ્વિતીય અને ખેર મિત્તલ એમ.એ ૮૭ ટકા સાથે તૃતીય સ્થાન મેળવેલ છે. રેન્કરને આ સફળતા બદલ સ્ટાફ, વિદ્યાર્થીઓ અને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# બગસરામાંથી બાઈકની ચોરી

બગસરા, તા.૦૫

બગસરામાંથી એક યુવકના બાઈકની ઉઠાંતરી થઈ હતી. બનાવ અંગે વિજયભાઈ કાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, બગસરા સતવારા સમાજની વાડી પાસેથી તેમના બાઈકની અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એચ. મીગ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી રેલવે સ્ટેશન પાસેથી મોબાઈલ ચોરાયો

અમરેલી, તા.૦૫

અમરેલી રેલવે સ્ટેશન બહાર ગેઈટ પાસેથી એક યુવકનો મોબાઈલ પડી જતાં અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે જામનગરના કાલાવાડના પાર્થભાઈ અરવિંદભાઈ પંડ્યા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, અમરેલી રેલવે સ્ટેશનની બહાર ગેઈટમાં તેમનો ફોન પડી જતાં અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક : ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત : ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338

**રાજુલાના મહે. એકિઝકયુટિવ મેજી.સાહેબની કોર્ટમાં, મું.રાજુલા//-**

પરચ.અનં.૪૯૩/૨૦૨૪

અરજદાર :- મેર જીવાભાઈ ભગવાનભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધર્મે : હિન્દુ ,ધંધો : મજુરી
રહે. વાવેરા, તા. રાજુલા, જી. અમરેલી

વિરૂધ્ધ

સામેવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી,
ગ્રામ પંચાયત : વાવેરા

**-:નોટિસઃ-**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ કે અમરેલી જિલ્લાના રાજુલાના વાવેરા ગામના શ્રી મેર જીવાભાઈ ભગવાનભાઈના પુત્રી મેર ભાવનાબેન જીવાભાઈનો જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૮૯ ના જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વિ.વકીલ શ્રી નરશી વી. બારૈયા** મારફત અત્રે કોર્ટમાં ઉપરોકત નંબરની અરજ કરેલ છે. તો આ કામના સદર નોંધ અંગે કોઈપણ ને કોઇ વાંધો વિરોધ કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરી રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહી વાંધા તથા પુરાવા રજૂ કરવા જાણ કરવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ:૧૬, માહેઃ ડિસેમ્બર સને. ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**મુ. - રાજુલા**
**તારીખ :- ૧૬/૧૨/૨૪**

**સહી**
**તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ**

**રાજુલાના મહે. એકિઝકયુટિવ મેજી.સાહેબની કોર્ટમાં, મું.રાજુલા//-**

પરચ.અનં.૪૯૮/૨૦૨૪

અરજદાર :- ભીમાણી ધીરૂભાઈ ગીરધરભાઈ, ઉ.વ.આ.૭૨, ધર્મે : હિન્દુ ,ધંધો : મજુરી
ગામ - મોટા રીંગણીયાળા, તા - રાજુલા, જી - અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી,
ગ્રામ પંચાયત : મોટા રીંગણીયાળા

**-:નોટિસઃ-**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ કે અમરેલી જિલ્લાના રાજુલાના મોટા રીંગણીયાળા ગામના શ્રી **ભીમાણી ધીરૂભાઇ ગીરધરભાઇ** ના ભાઈ **ભીમાણી મનસુખભાઇ ગીરધરભાઇ** નો જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૬૩ ના જન્મ થયા અંગેની નોંધ કરાવાવ તેમના **વિ.વકીલ શ્રી નરશી વી. બારૈયા** મારફત અત્રે કોર્ટમાંઉપરોકત નંબરની અરજ કરેલ છે. તો આ કામના સદર નોંધ અંગે કોઈપણ ને કોઇ વાંધો વિરોધ કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરી રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહી વાંધા તથા પુરાવા રજૂ કરવા જાણ કરવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ:૧૬, માહેઃ ડિસેમ્બર સને. ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**મુ. - રાજુલા**
**તારીખ :- ૧૬/૧૨/૨૪**

**સહી**
**તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ**

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# નાની કુંડળમાં કુંવરજી બાવળીયા દ્વારા પાણી પુરવઠા જૂથ યોજના કામગીરીની સમીક્ષા

અમરેલી, તા. ૦૫



રાજ્ય સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ બાબરા તાલુકાના સાત હનુમાન, નાની કુંડળ મુકામે પાણી પુરવઠા જૂથ યોજના અન્વયે કામગીરીની સમીક્ષા કરી હતી. બાબરા ગ્રૂપ ઓગમેન્ટેશન યોજનામાં સમાવિષ્ટ ૩૮ ગામ, ૨ પરા વિસ્તાર, ૧ શહેર વિસ્તાર અંતર્ગત બાબરા અને ચમારડી ખાતે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ યોજના અન્વયે અંદાજે કુલ રૂ. ૪૨૦૪.૦૪ લાખ નેટ રકમના કામો કરવાનું આયોજન હતું, જેમાં પાઈપલાઈન નેટવર્ક જૂનું હોય અને અવારનવાર લીકેઝ અને ભંગાણને કારણે પાણી વિતરણમાં અડચણો થતી હોય તેને દૂર કરવા તેમજ આ યોજનાને ૧૦૦/૧૪૦ એલ.પી.સી.ડી મુજબ સુધારણા યોજનાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ઓવરઓલ ૭૦ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# રાજુલામાં ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ સંપન્ન

રાજુલા,તા.૦૫



તસવીર : ગોપાલ રાઠોડ

શ્રીમતી ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તા. ૪ જાન્યુઆરી શનિવારના રોજ તાલુકા કક્ષાની કલા મહાકુંભ સ્પર્ધાઓનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દીપકભાઈ ઠક્કર, લોઠપુર પ્રાથમિક શાળાના આચાર્યા અરુણાબહેન મહેતા સહિત વિવિધ સંસ્થાના શિક્ષકો અને નગર શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલા મહાકુંભ અંતર્ગત સુગમ સંગીત, સમૂહ ગીત, લગ્ન ગીત, લોક ગીત, ભજન, રાસ, લોક નૃત્ય, ગરબા, એકપાત્રીય અભિનય, તબલા, હાર્મોનિયમ (હળવું), ભરતનાટ્યમ, વક્તૃત્વ અને ચિત્ર જેવી ૧૪ જેટલી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં સ્પર્ધકો અને કલાના ઉપાસકોએ પોતપોતાની આગવી શૈલીમાં કલા પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ત્યારબાદ આનંદપૂર્વક કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલાના બાઢડા ગામે પૂર્વ સરપંચને ગાળો બોલી ધમકી આપી

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલાના બાઢડા ગામે રહેતા પૂર્વ સરપંચને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે શાંતિભાઈ ખોડાભાઈ શેલડીયા (ઉ.વ.૬૫)એ દિપકભાઈ કનુભાઈ રાદડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાગીયાના ઘરે જી.ઇ.બી.ની વીજ લાઈનના કોટેશનના રૂ.૫૦,૦૦૦ ભર્યા હતા. તેમ છતાં વીજ લાઈન આવી ન હોતી. તેમજ તેઓ અગાઉ સરપંચ તરીકે હતા. જેથી આ બાબતનું મનદુઃખ રાખી રૂ.૫૦,૦૦૦ પરત આપવા જણાવી ગાળો આપી કપાળ ઉપર થપાટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ. પી. વેગડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં લાલધામ આશ્રમ ખાતે સોનલ બીજની ભવ્ય ઉજવણી

સાવરકુંડલ, તા.૦૫



સાવરકુંડલા શહેરના ગિરધરવાવ વિસ્તારમાં આવેલા શ્રી લાલધામ આશ્રમ ખાતે પોષ સુદ બીજ (સોનલ બીજ)ના પાવન પર્વે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુ ગાદી પ્રેરણાધામ આશ્રમ જૂનાગઢથી પધારેલા પ.પૂજ્ય લાલજી મહારાજની પાવન ઉપસ્થિતિમાં ભગવાન રામદેવજી મહારાજનો અખંડ જ્યોત પાટોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ભજન, ભોજન અને દર્શનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આશ્રમના વિકાસમાં યોગદાન આપનાર દાતાઓનું શાલ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. ભજનાનંદી આરાધકોએ પોતાની ગુરુમુખી વાણી દ્વારા જાગરણ કરાવ્યું હતું, જેનો લાભ મોટી સંખ્યામાં સેવકો અને ભક્તોએ લીધો હતો.

# પતિએ પત્નીને કોર્ટ કેસ પાછો ખેંચવાનું કહી ગાળો આપી

અમરેલી, તા.૦૫

અમરેલીમાં રહેતા નેહલબેન જીવાભાઈ સોંધરવા (ઉ.વ.૩૬)એ હસુભાઈ વિદુભાઈ ખેતરીયા, હેમંતભાઈ વિદુભાઈ ખેતરીયા, રતનબેન વિદુભાઈ ખેતરીયા અને મીનાબહેન હસુભાઈ ખેતરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે તેના પતિ તથા સાસરિયા વિરુદ્ધ ભરણપોષણ તથા ડોમેસ્ટિક કેસ કર્યો હતો. આ કેસ ચાલતો હતો અને કોર્ટમાં તારીખ હોવાથી તેઓ આવ્યા ત્યારે કેસ પાછો ખેંચી લેવાનું કહી ગાળો આપી, મુંઢમાર માર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલા શ્રીજી નગર વિસ્તારના બહેનોએ પદયાત્રા કરી કરજાળા શેલ હનુમાનના દર્શન કર્યા

સાવરકુંડલા તા. ૦૫



સાવરકુંડલા શહેરમાં આવેલ ગુરુકુળ વિસ્તારમાં આવેલા શ્રીજી નગર વિસ્તારના બહેનોએ ૨૦૨૪ના અંતિમ દિવસે કરજાળા શેલ કાંઠાના હનુમાન મંદિરે પગપાળા દર્શનાર્થે નીકળી વર્ષના અંતિમ દિવસની વેળા હનુમાનજીના ચરણોમાં વ્યતીત કરી હતી. સાવરકુંડલા શહેરમાં પણ કરજાળા ખાતે આવેલ શેલ કાંઠાના હનુમાનજીમાં અપાર શ્રધ્ધા રાખનાર વર્ગ બહોળી સંખ્યામાં જોવા મળે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ બહેનો દર્શનાર્થે પહોંચી હતી. જેમની સાથે આશિષ ભટ્ટ, રાજેશ મહેતા, કિશોરબાપુ, ભરતભાઈ તેરૈયા સાથે ગયા હતા.

# અમરેલીમાં મોટર સાયકલ પર થતી બીયરની ખેપ ઝડપાઈ

**પોલીસે બે મોટર સાયકલ સહિત રૂ. ૧,૦૨,૮૮૨નો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા.૦૫

અમરેલીમાં ચિતલ રોડ પર ગાયત્રી મંદિર પાસેથી અંજીક્ય ઉર્ફે સોનુ માર્તનરાવ ઢોણે (ઉ.વ.૩૦) તથા કુલદીપ ઉર્ફે ભુરો નીતીનભાઈ ગણાત્રા મોટર સાયકલ લઈને પસાર થતા હતા ત્યારે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી બીયરના ૨૨ ટીન પકડાયા હતા.

પોલીસે બે મોટર સાયકલ સહિત રૂ. ૧,૦૨,૮૮૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. રોહીસા ગામેથી મહિલા પાસે કાપડની થેલીમાં સંતાડેલા વિદેશી દારૂની ૪ બોટલ મળી હતી. ૩૫ શખ્સો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. નાગેશ્રી ગામે સીમ વિસ્તારમાં એક વાડીએથી દેશી દારૂ બનાવવાનો ૧૨૫ લીટર આથો ઝડપાયો હતો. ૨૩ ઈસમો કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# અમરેલીમાં યુવકે માથું દુઃખતું હોવાથી એકસાથે ૭ ટિકડી પીધી

અમરેલી, તા.૦૫

અમરેલીમાં રહેતા એક યુવકને માથું દુઃખતું હતું. જેનાથી કંટાળી એક સાથે છ થી સાત ટિકડી પીધી હતી. જયશ્રીબેન પરેશભાઈ દેવમુરારી (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, મહેક પરેશભાઈ દેવમુરારી (ઉ.વ.૧૮)ને છેલ્લા એક વર્ષથી માનસિક રોગની બીમારી હતી. જેથી અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી. માથું દુઃખતું હોવાથી તેણે એક સાથે છ થી સાત ટિકડી પી લીધી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ:સાતમ
તા. ૦૬-૦૧-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૭:૧૪,
સૂર્યાસ્ત-૦૫:૩૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૧-૨૦૨૫ — સોમવાર

- મેષ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. કાર્યક્ષેત્રમાં સાવધાની રાખો અને જ્યારે પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધને કાબૂમાં કરો.
- વૃષભ: આજનો દિવસ કંઇક વિશેષ કરવાની ભાગદોડમાં પસાર થશે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારા સંબંધો રાખજો.
- મિથુન: રોજગારી ક્ષેત્રે આવતી અડચણ દૂર થશે અને કોઈ વિશેષ કાર્યક્રમ હેઠળ રોકાયેલા નાણા આશ્ચર્યજનક રીતે પ્રાપ્ત થશે. ધર્મ અને અધ્યાત્મમાં રસ વધશે.
- કર્ક: આજે બાળકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રોજગાર માટેના પ્રયત્નોમાં પણ સફળતા મળશે. વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધામાં જીતી શકે છે.
- સિંહ: વૃદ્ધોની સહાયથી ઘરના લોકોની સમસ્યાનું નિરાકરણ આવશે અને રાજ્યની સહાય પણ પૂરી પાડવામાં આવશે. ક્ષેત્રમાં તમારી સ્થિતિ અને સત્તામાં વધારો થશે.
- કન્યા: મિત્રોના સહયોગથી કરવામાં આવતા કામમાં અડચણ આવી શકે છે. ઘર માટે ઉપયોગી વસ્તુઓ આજે ખરીદી શકાય છે.
- તુલા: આજનો દિવસ મિશ્રિત ફળ આપનારો છે. તો તમારે બિનજરૂરી મહેનત કરવી પડી શકે છે. ધંધાકીય ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી છે.
- વૃશ્ચિક: સવારથી ધંધામાં થોડો ફાયદો થવાની સંભાવના છે. કેટલાક વરિષ્ઠ અધિકારીને કારણે નોકરી-ધંધા સંબંધિત મુદ્દાઓ ઉકેલાશે.
- ધન: કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે ઝઘડો તમારા માટે હાનિકારક સાબિત થઈ શકે છે, એટલે ક્રોધ અને વાણી પર નિયંત્રણ રાખો.
- મકર: કાર્યક્ષેત્રમાં કોઈ સાથીદાર તમારી વિરુદ્ધ કાવતરું ઘડી શકે છે, ઉપરાંત ધ્યાનમાં રાખો કે તમે વરિષ્ઠ અધિકારી સાથે તણાવ કરતા નથી ને.
- કુંભ: ધંધામાં સમયસર નિર્ણય સફળ સાબિત થશે. જો તમે વિરોધીઓની ટીકા તરફ ધ્યાન ના આપીને તમારું કાર્ય કરતા રહેશો તો સફળતા મળશે.
- મીન: સામાજિક વિસ્તારનો વિકાસ થશે અને માનસિક તણાવથી રાહત મળશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ છે, ઉચ્ચ શિક્ષણમાં આવતી અડચણ દૂર થશે.


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA

દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી


### -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી નં.૧૧૭/૨૦૨૪

પ્રતિ,
શ્રી ગંગાબેન બેચરભાઈ સોસા
રહે. સિંધાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વકીલશ્રી એન.એમ.જાદવ રહે.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના સિંધાજ ગામના રહીશ શ્રી ગાંગાભાઈ બેચરભાઈ સોસા તથા શ્રી કરમણબેન ગાંગાભાઈ સોસાનો પુત્ર શ્રી હરિભાઈ ગાંગાભાઈ સોસાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩ માં કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે થયેલ છે. જેના જન્મની નોંધ કોડીનાર તાલુકાના સિંધાજ ગામના સને ૧૯૭૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૨/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

### -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ.નં.૧૧૫/૨૦૨૪

પ્રતિ,
ઠાકરશી પ્રભુદાસ ભટી
રે.કોળી ચોરા ચોક પાસે, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વકીલશ્રી, એન.એમ.જાદવ રહે. મુ.કોડીનાર, તા.કોડીનાર
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર તાલુકાના કોડીનાર ગામ/વિસ્તારના રહીશ શ્રી ઠાકરશી પ્રભુદાસ ભટી તથા સારદાબેન ઠાકરશી ભટી ના પુત્રી સરોજબેન ઠાકરશી ભટી નો જન્મ સને.૨૨/૦૪/૧૯૭૮ ના રોજ કોડીનાર મુકામે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર નગરપાલિકાના સને ૧૯૭૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૫ /૨૪ — તા.૩૧/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી સાતાભાઈ કાનાભાઈ સરસિયા
રહે.કેરીયા. તા.લાઠી જી.અમરેલી મો. ૯૯૦૯૮૪૬૮૨૧
C/O એન.ડી.વઢેળ ઠે. ધર્મશાળા શોપીંગ સેન્ટર, તાલુકા પંચાયતની બાજુમાં તા.લાઠી મો.૮૩૪૭૦૭૭૧૯૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- જન્મ મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી
મુ.કેરીયા, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. કેરીયા ગામે આ કામના અરજદારશ્રીના પ્રથમ પુત્ર નામે ભગાભાઈ સાતાભાઈ સરસિયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૬ ના રોજ કેરીયા, તા.લાઠી, જિ.અમરેલી તથા બીજા પુત્ર નામે બાલાભાઈ સાતાભાઈ સરસિયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૭ના રોજ કેરીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૫/૨/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી,
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**તંત્રી લેખ**

# કડકડતી ટાઢમાં જનજીવન અસ્તવ્યસ્ત

વર્તમાન હવામાન પરિસ્થિતિઓની વિપરીત ઠંડી વ્યાપક પ્રમાણમાં પડી રહી છે. કોલ્ડ વેવને કારણે સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું વાતાવરણ સર્જાયું છે, જે દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોને અસર કરે છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવા માટે ચેતવણીઓ જારી કરી છે, આગાહીમાં કેટલાક પ્રદેશોમાં ભારે ઠંડીની આગાહી કરવામાં આવી છે. બેંગલુરુમાં, તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ જવાની ધારણા છે. વ્યાપક ગાઢ ધુમ્મસની પણ જાણ કરવામાં આવી છે, જે દશ્યતાને અવરોધે છે અને સંભવિત રૂપે મુસાફરીની યોજનાઓને અવરોધે છે. ભારતમાં અંદાજે ૪૦% ખેતી વરસાદની પેટર્ન પર આધારિત છે, જે ખાસ કરીને શીત લહેરો અને અસામાન્ય હવામાન પરિસ્થિતિઓથી પ્રભાવિત થાય છે. આ વર્તમાન શીત લહેર શિયાળાના પાકને જોખમમાં મૂકી શકે છે, જે ઠંડા હવામાન માટે સંવેદનશીલ છે. પાક પર નીચા તાપમાનની પ્રતિકૂળ અસરોના પરિણામે ઉપજમાં ઘટાડો થઈ શકે છે અને આ પ્રદેશમાં ખાદ્ય સુરક્ષાને જોખમમાં મૂકે છે, ખાસ કરીને ઘણા ખેડૂતો તેમની આજીવિકા માટે આ પાકો પર ભારે આધાર રાખે છે. શીત તરંગો નોંધપાત્ર આરોગ્ય પડકારો તરફ દોરી શકે છે, ખાસ કરીને સંવેદનશીલ વસ્તી માટે, જેમાં વૃદ્ધોની આરોગ્ય સ્થિતિ કથળે છે. તીવ્ર શ્વસન ચેપના વધુ બનાવોને કારણે શ્વસન સમસ્યાઓનો વ્યાપ સામાન્ય રીતે ઠંડા સમય દરમિયાન વધે છે. વધુમાં, આત્યંતિક હવામાન લોકોમાં હાલની આરોગ્યની નબળાઈઓને વધારી શકે છે, જે આરોગ્યસંભાળના વપરાશમાં વધારો તરફ દોરી જાય છે. આ આબોહવા-સંબંધિત ઘટનાઓ માટે તેની સ્થિતિસ્થાપકતા પહેલાથી જ ચકાસણી હેઠળ છે તે સમય દરમિયાન આ વધેલી માંગને સંચાલિત કરવા માટે આરોગ્યસંભાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ક્ષમતા વિશે ચિંતા ઊભી કરે છે. ચાલુ કોલ્ડ વેવને કારણે ઘણા પ્રદેશોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ પરીક્ષણમાં આવી શકે છે. નીચા તાપમાન અને ગાઢ ધુમ્મસનું મિશ્રણ પરિવહનમાં અવરોધ લાવી શકે છે, જે માલસામાન અને વ્યક્તિઓની અવરજવરને અસર કરે છે. વધુમાં, જ્યારે આત્યંતિક હવામાનના સંપર્કમાં આવે ત્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નિષ્ફળતાનું જોખમ વધે છે, જે સંભવિતપણે પાવર આઉટેજ અથવા આવશ્યક સેવાઓમાં વિક્ષેપ જેવી સમસ્યાઓ તરફ દોરી જાય છે. નિષ્કર્ષરૂપે કહી શકાય કે હાલમાં ઉત્તર ભારતમાં શીત લહેર વિવિધ ક્ષેત્રોમાં બહુપક્ષીય પડકારો રજૂ કરે છે. કૃષિ, જાહેર આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આ તરંગની અસરો ભારે હવામાનની ઘટનાઓ સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવા માટે અનુકૂલનશીલ પગલાંની તાત્કાલિક જરૂરિયાતને પ્રકાશિત કરે છે. બદલાતી હવામાન પેટર્ન વચ્ચે સમુદાયોની સુરક્ષા અને નિર્ણાયક સેવાઓની ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે આબોહવા સ્થિતિસ્થાપકતા વ્યૂહરચનાઓ અમલમાં મૂકવી આવશ્યક છે. હાલમાં ઉત્તર ભારતને અસર કરતી શીત લહેર પરિવહન અને લોજિસ્ટિક્સ માટે નોંધપાત્ર અસરો ધરાવે છે, જેના કારણે મુસાફરીના વિવિધ પ્રકારોમાં વિક્ષેપો સર્જાય છે. પરિવહન પર કોલ્ડ વેવની અસર લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ સુધી વિસ્તરે છે. હવાઈ અને રેલ પરિવહનમાં વિલંબને કારણે કેસ્કેડિંગ અસરો થઈ શકે છે, ખાસ કરીને નાશવંત માલની ડિલિવરીમાં. જ્યારે પરિવહન પ્રણાલી ખોરવાઈ જાય છે, ત્યારે માલસામાનની અવરજવર અવરોધાય છે, સ્ટોકની અછતનું જોખમ રહે છે અને પુરવઠાની મર્યાદાઓને કારણે સંભવિત ભાવમાં વધારો થાય છે. કોલ્ડ સ્ટોરેજ અને ડિસ્ટ્રિબ્યુશન ચેનલો પર વધુ ભાર મૂકવામાં આવે છે, ભારે હવામાનની ઘટનાઓ દરમિયાન ઈન્વેન્ટરી મેનેજમેન્ટ અને લોજિસ્ટિક્સ પ્લાનિંગમાં ગોઠવણો જરૂરી છે. એકંદરે, શીત લહેર હવાઈ મુસાફરી, રેલ સેવાઓ, માર્ગ પરિવહન અને પરિણામે ઉત્તર ભારતમાં લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈનને નોંધપાત્ર રીતે અસર કરે છે. વિલંબિત ફ્લાઈટ્સ, મોડી ચાલતી ટ્રેનો અને જોખમી રસ્તાની સ્થિતિની સંયુક્ત અસરો આ ભારે હવામાનની ઘટનાઓને અસરકારક રીતે સંચાલિત કરવા માટે અનુકૂલનશીલ વ્યૂહરચનાઓની જરૂરિયાત પર ભાર મૂકે છે. પરિવહન કંપનીઓ અને લોજિસ્ટિક્સ પ્રદાતાઓ માટે આવી પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ દ્વારા ઊભા થયેલા પડકારોને નેવિગેટ કરવા અને તેમની કામગીરીમાં સાતત્ય સુનિશ્ચિત કરવા માટે મજબૂત આકસ્મિક યોજનાઓ આવશ્યક છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

વિદ્યાર્થી મિત્રો,

આજે આપણે એક નવા એકમ 'નફો અને ખોટ'ની શરૂઆત કરી રહ્યા છીએ. લગભગ બધી જ સ્પર્ધાત્મક પરીક્ષામાં આ પ્રકરણમાંથી પ્રશ્ન પૂછાતો હોય છે. આપણે ટકાવારી વિશે અગાઉ જોઈ ગયા છીએ. તેનો ઉપયોગ આ પ્રકરણમાં સરસ રીતે થાય છે. જો તમોને ટકાવારી વિશેનો ખ્યાલ સ્પષ્ટ થયો હશે તો આ પ્રકરણને સમજવામાં ચોક્કસ ફાયદો થશે. સૌ પ્રથમ આ પ્રકરણમાં આવતા પારિભાષિક શબ્દો સમજીએ.

## સમજો અને યાદ રાખો

- મૂળકિંમત - ખરીદ કિંમત : કોઈપણ વસ્તુને ખરીદવા માટે ચૂકવવી પડતી રકમને મૂળકિંમત કે ખરીદ કિંમત કહે છે. ટૂંકમાં તેને મૂ.કિં. કહીશું.
- વધારાનો ખર્ચ (ખરાજાત) : વસ્તુની ખરીદી કર્યા બાદ તેના પર કરવામાં આવતા વધારાના ખર્ચને ખરાજાત કહે છે.
- પડતર કિંમત : વસ્તુની મૂળ કિંમત કે ખરીદ કિંમતમાં વધારાનો ખર્ચ ઉમેરતા મળતી રકમને પડતર કિંમત કહે છે.

પડતર કિંમત = મૂળ કિંમત + ખરાજાત

- વેંચાણ કિંમત : વસ્તુને જે કિંમતે વેંચવામાં આવે તે કિંમતને વસ્તુની વેંચાણ કિંમત કહે છે. ટૂકમાં તેને વેં.કિં. કહીશું.
- છાપેલી કિંમત : વેપારી દ્વારા વસ્તુની મૂળકિંમતમાં અપેક્ષિત નફો ઉમેરી વસ્તુ પર તે કિંમત છાપવામાં આવે છે. તેને છાપેલી કિંમત કહે છે.
- વળતર : વસ્તુની છાપેલી કિંમત પર વેપારી દ્વારા અમુક ટકા છૂટ આપવામાં આવતી હોય છે તેને વળતર અથવા વટાવ કહે છે. સામાન્ય રીતે વળતર કે વટાવ ટકાવારીમાં આપેલ હોય છે.
- નફો : જયારે વસ્તુની મૂળકિંમત કે પડતર કિંમત કરતા વેંચાણ કિંમત વધારે હોય ત્યારે નફો થાય છે.

નફો = વેં.કિં. - મૂ.કિં.

નફાની ટકાવારી = $\frac{\text{નફો}}{\text{મૂ.કિં.}} \times 100$

- ખોટ : જયારે વસ્તુની મૂળકિંમત કે પડતર કિંમત કરતાં વેંચાણ કિંમત ઓછી હોય ત્યારે ખોટ થાય છે.

ખોટ = મૂ.કિં. - વેં.કિં.

ખોટની ટકાવારી = $\frac{\text{ખોટ}}{\text{મૂ.કિં.}} \times 100$

- નફો કે ખોટની ટકાવારીની ગણતરી હંમેશા મૂ.કિં.ને આધારે જ થાય છે.
- વળતર હંમેશા છાપેલી કિંમત કે વેં.કિં. પર જ ગણાય છે.

હવે કેટલાક ઉદાહરણ જોઈએ.

ઉદાહરણ-૧ : રૂ.10,000નો મોબાઈલ રૂ.11,500 માં વેંચતા કેટલા ટકા નફો થાય ?

(A) 11 % (B) 11.5% (C) 15% (D) 22%

ઉકેલ : નફો = વેં.કિં.- મૂ.કિં. = 11,500 - 10000

= 1500

રૂ.10,000 મૂ.કિં. પર મળતો નફો = રૂ. 1500

તેથી રૂ.100 મૂ.કિં. પર મળતો નફો = $\frac{1500 \times 100}{10,000}$ = 15%

અથવા

નફાની ટકાવારી = $\frac{\text{નફો}}{\text{મૂ.કિં.}} \times 100$

= $\frac{1500}{10,000} \times 100$ = 15 %

Ans. (C)

ઉદાહરણ-૨ : વેપારી એક વસ્તુ રૂ.3060 માં વેંચે છે. તેમાં વેપારીને 10% ખોટ જાય છે. તો વસ્તુની મૂ.કિં. શોધો.

(A) રૂ. 4000 (B) રૂ. 3366 (C) રૂ. 3000 (D) રૂ. 3400

ઉકેલ : ધારો કે વસ્તુની મૂ.કિં. રૂ. 100 છે.
વેપારીને 10% ખોટ જાય છે.
તેથી વેં.કિં. = રૂ.100 - રૂ.10 = રૂ.90
જો રૂ. 90 વેં.કિં. હોય, તો મૂ.કિં. = રૂ.100
તેથી રૂ. 3060 વેં.કિં. હોય, તો મૂ.કિં. = ?

**કારકિર્દી માર્ગદર્શન**

- અમરેલી ગણિત વર્તુળ
સૂર્યકાંત પાઠક
મો. ૯૪૨૭૫ ૦૫૧૦૭

મૂ.કિં. = $\frac{3060 \times 100}{90}$ = રૂ.3400

Ans.(D)

ઉદાહરણ-૩ : આદિત્ય એક વસ્તુ રૂ. 10,400 માં વેંચીને 4% નફો મેળવે છે. તો તેણે તે વસ્તુ કેટલા રૂપિયામાં ખરીદી હશે ?

(A) રૂ. 7454 (B) રૂ. 10,000 (C) રૂ. 10,100 (D) રૂ. 10,500

ઉકેલ : ધારો કે વસ્તુની ખરીદ કિંમત રૂ.100 છે.
તે વસ્તુ વેંચી 4% નફો મેળવે છે.
તેથી વેં.કિં. = રૂ.100 + રૂ.4 = રૂ.104
હવે, વેં.કિં. રૂ.10,400 છે.
જો વેં.કિં. રૂ.104 હોય, તો ખરીદ કિંમત = રૂ.100
તેથી વેં.કિં. રૂ. 10,400 હોય, તો ખરીદ કિંમત = ?

ખરીદ કિંમત = $\frac{10,400 \times 100}{104}$ = રૂ.10,000

Ans. (B)

ઉદાહરણ-૪ : કોઈ વસ્તુને રૂ.4900 માં વેંચતા 30% ખોટ જાય છે. તો કેટલા રૂપિયામાં વેંચવાથી 20% નફો થાય ?

(A) રૂ. 8000 (B) રૂ. 8400 (C) રૂ. 5880 (D) રૂ. 8500

ઉકેલ : ધારો કે વસ્તુની મૂ.કિં. રૂ.100 છે.
વસ્તુને વેંચતા 30% ખોટ જાય છે.
તેથી વેં.કિં. = 100-30 = રૂ.70
જો રૂ. 70 વેં.કિં. હોય, તો મૂ.કિં. = રૂ.100
તેથી જો રૂ. 4900 વેં.કિં. હોય, તો મૂ.કિં. = ?

મૂ.કિં. $\frac{4900 \times 100}{70}$ = રૂ.7000

હવે, વેપારી 20% નફો મેળવવા ઈચ્છે છે.

નફો 7000 x $\frac{20}{100}$ = રૂ.1400

વે.કિં. = મૂ.કિં. + નફો
= રૂ.7000 + રૂ.1400 = રૂ. 8400

Ans.(B)

ઉદાહરણ-૫ : રૂ.150 માં દૂધ ખરીદ્યુ. તેને કેટલા રૂપિયામાં વહેચવામાં આવે, તો 20% નફો થાય ?

(A) રૂ. 180 (B) રૂ. 170 (C) રૂ. 130 (D) રૂ. 120

ઉકેલ : નફાની ટકાવારી = $\frac{\text{નફો}}{\text{મૂ.કિં.}} \times 100$

તેથી 20 = $\frac{\text{નફો}}{150} \times 100$

તેથી નફો = $\frac{20 \times 150}{100}$ = 30 રૂ.

વેં.કિં. = મૂ.કિં. + નફો = રૂ.150 + રૂ.30 = રૂ.180

Ans.(A)

ઉદાહરણ-૬ : એક દુકાનદાર પોતાના સામાન પર મૂ.કિં. કરતાં 20% અધિક મૂલ્ય છાપે છે. તથા છાપેલી કિંમત પર 10% વળતર આપે છે. તો વેપારીને કેટલા ટકા લાભ થશે ?

(A) 5 % (B) 7% (C) 8% (D) 10%

ઉકેલ : ધારો કે મૂ.કિં. રૂ. 100 છે.
તેના પર 20% અધિક કિંમત છાપે છે.
તેથી છાપેલી કિંમત રૂ. 120 થશે.
હવે, છાપેલી કિંમત પર 10% ની છૂટ આપે છે.
તેથી છાપેલી કિંમત રૂ. 120 પર રૂ. 12 વળતર થશે.
તેથી વેં.કિં. = રૂ.120-રૂ.12 = રૂ.108
નફો = વેં.કિં. - મૂ.કિં. = રૂ.108 - રૂ.100 = રૂ.8
મૂ.કિં. રૂ.100 છે. તેથી થતો નફો = 8%

Ans.(C)

# શું લઈને આવ્યા જગમાં, શું લઈને જવાના!

બાળક જન્મે ત્યારે મુઠી વાળેલી હોય છે.આ બંધ મુઠીમાં એના ભવિષ્યનું રહસ્ય સમાયેલ હોય છે. ક્યાં કુળમાં અને કોની ઘરે અવતાર લેવો એ કોઈના હાથમાં નથી. નામ પણ ઉછીનું અને ઉધાર લીધેલું ગણાય છે. કારણકે જન્મ સાથે કોઈના પુત્ર કે પુત્રી સ્વરૂપે આ જગતમાં ઓળખાણ મળે છે. આમ આપણે આ જગતમાં અવતરીએ ત્યારે સાથે કશું લાવતા નથી. ધીમે ધીમે બીજાના સહારે બોલતા, ખાતા અને ચાલતા શીખીએ છીએ. આમ સંપૂર્ણ રીતે જન્મથી પરાવલંબી જીવન મળે છે. ત્યારબાદ જેમ જેમ ઉંમર વધે તેમ તેમ થોડા થોડા સ્વનિર્ભર થતાં જઈએ છીએ. પછી પોતાના પુરુષાર્થથી અભ્યાસ અને ધંધા વ્યવસાયમાં જે કઈ પ્રાપ્ત કરીએ છીએ એમાં ખુદની લાયકાત બને છે. પોતાનું નામ બને છે. પછી પોતાનું ઘર, પરિવાર, પત્ની, બાળકો અને રાસ-રચીલું આ બધું પોતાના નામ સાથે જોડાય છે. આ સમયગાળો બળ, બુદ્ધિ, શારીરિક સશક્તિ વગેરે માટે સુવર્ણયુગ હોય છે. આ સમયગાળો પણ મોટા ભાગના લોકો માટે વધુમાં વધુ પચીસથી ત્રીસ વર્ષનો હોય છે, જેમાં વ્યક્તિ સ્વતંત્ર નિર્યણ લઈ શકે અને પોતાનો પડ્યો બોલ જીલાતો હોય છે. બહુ ઓછાં લોકો ચાલીસ પચાસ વર્ષનો આવો દબદબો ભોગવતા હોય છે. પદ, પ્રતિષ્ઠા, સત્તા વગેરે ભોગવવાનો આ સમય માણસના આયુષ્યનો ત્રીસ ટકા ભાગ હોય છે. આ સમયગાળામાં માણસ પોતાના માટે જેટલું જીવી લે, સારું ગમતું ઓઢી પેરી લે, મન ગમતા વ્યંજનોનો સ્વાદ માણી લે અને હરી ફરી લે એટલું હાંસિલ ગણાય છે. ફરી પાછી સ્વતંત્રતા ઓછી થવાની શરૂઆત થઈ જાય છે. ઢળતી ઉંમર શરૂ થાય એટલે શરીર નબળું પડવાની શરૂઆત થઈ જાય. શારીરિક અને માનસિક થકાન શરૂ થઈ જાય છે. વ્યક્તિ પોતાના નામે અને પોતાની હકૂમતમાં રહેલી મિલકત અને સંપત્તિ સંતાનોને સોંપીને જવાબદારીઓમાંથી ધીમે ધીમે મુક્ત થતો જાય છે. સ્વતંત્રતા ઓછી થતી જાય છે. જે નિર્ણયો જાતે લેવાતા એ સંતાનોને પૂછીને લેવા પડે છે. થોડા પોતાના અભિપ્રાયની છતાં થોડો સમય ચાલે છે. પછી એવો સમય શરૂ થાય છે કે શરીર બીમાર પડે, નબળાઈ અને અશક્તિ આવે, ઘસારો શરૂ થાય, આંખ કાન અને પગ નબળા પડે એટલે બીજાનો આધાર લેવો પડે. ફરી પાછું બાળપણની જેમ ટેકાવાળી જિંદગી શરૂ થાય છે. આ રીતે માણસનું ૨૫ ટકા આયુષ્ય જ સ્વતંત્ર રીતે વિતે છે. બાકીની ૭૫ ટકા જિંદગી તો બીજા પર આધાર રાખીને જીવવી પડે છે. અને એ પણ જો માણસ પૂરું આયુષ્ય ભોગવે તો જ. બાકી તો બીજા માટે ઢસરડા કરી કરીને ગુજરી જાય છે તેને પોતાના માટે જીવવાનો સમય મળતો જ નથી. એટલા માટે તો સંતો અને વિચારકો કહી ગયા છે કે મનુષ્ય અવતાર મળ્યો છે તો કૈંક સેવાના સારા કાર્યો કરી સત્કર્મોનું ભાથું બાંધી લેવું જોઈએ. આપણે કરેલા કર્મોની સુવાસ આપણા ગયા પછી યાદ સ્વરૂપે રહે છે. હા પુરુષાર્થ કરીને કૈંક પ્રાપ્ત કરવું એ મનુષ્યની મંજિલ હોય છે પણ પેલી કહેવત મુજબ ભોગવે તેજ ખરા ભાગ્યશાળી ગણાય છે. કારણ કે સાચું ખોટું કરીને ભેગુ કરેલું સાથે આવતું નથી. પરિવાર માટે ભેગુ કરવા કરેલા પાપના ભાગીદાર પરિવારના સભ્યો થતાં નથી.વાલિયા લૂંટારાને જ્યારે આ બ્રહ્મજ્ઞાન થાય છે ત્યારે તે લૂંટ છોડીને સદમાર્ગે વળી જાય છે. ગમે એટલું ભેગુ કરેલું હોય પણ જો કોઈને ક્યારેય મદદ કરી ના હોય તો બધું નિરર્થક છે. એના બદલે પુરુષાર્થ કરતા કરતા ભાગ્ય મુજબ જે કાઈ પ્રાપ્ત થયું હોય તેમાંથી પારકી પીડાને શાંત પાડી હોય, કોઈ નિરાધારનો આધાર બન્યા હોય, કોઈ અબળાના આંસુ લૂછ્યા હોય તો એના પુણ્યનું ભાથું સાથે આવે છે. જગત જમાદાર તો કોઈ ઈન્સાન નહિ પણ ઉપરવાળો છે. માટે જ કહેવાયું છે કે તું શાને ફરે છે ગુમાનમાં તારે રહેવું ભાડાના મકાનમાં. જેને આપણે આપણી સંપત્તિ કહીએ છીએ હકીકતમાં આપણે એના માલિક નથી પણ રખેવાળ છીએ. ક્યારેક તો એવું બને છે કે માલિક કરતા એની દેખરેખ રાખનાર એ સંપત્તિનો સાચો ભોગવટો કરતો હોય છે. દુનિયામાં આવીને જે કાંઈ કમાણા તે અહી જ વાપરીને જઈએ તો જ કામનું. બાકી સત્તા કે સંપત્તિનો સંચય કરીને સાથે લઈ જવાની કોઈ વ્યવસ્થા હજી સુધી કોઈ કરી શક્યા નથી. પણ અહી કરેલા કર્મો જ સાથે આવે છે. એટલે જ કહેવાયું છે કે શું લઈને આવ્યા જગમાં, શું લઈને જવાના અહીંનું કરેલું અહી જ ભોગવવાના. ગમે તેવા ચમરબંધી હોય તોય ઈશ્વરના દરબારમાં હિસાબ દેવો જ પડે છે. સાચું ખોટું કરીને જગતને છેતરી શકો, જગતના નાથને નહિ.






મનન ચિંતન
ભરત બાવીશી

# અભણ ખેડૂતની ખર્ચ વિનાની સફળ ખેતી



વિજ્ઞાન કરતા કોઠાસુઝ પણ કયારેક કામ આવતી હોય છે. જ્ઞાન-વિજ્ઞાનની જરૂર ખરી પણ આજના કહેવાતા આધુનિક સમયમાં મોબાઈલ ક્રાન્તિ પછી સામાજીક દુષણો સામે આવ્યા છે. તેને રોકવામાં બધા જ લોકો નિષ્ફળ જવાના છે. મોબાઈલની જરૂરીયાત ખરી પણ તેના હિસાબે પરિવારો વિખેરાતા જાય છે. તે સમસ્યા નાથવા માટે બોલી શકાય તેવી સ્થિતિ નથી રહી. દેશનાં સરહદ પરના જવાનો અને રાત-દિવસ વિષમ પરિસ્થિતિઓ વચ્ચે ખેતરમાં કામ કરતા ખેડૂતો અને ખેતમજૂરોની સ્થિતિમાં હજુપણ સુધારાની આવશ્યકતા છે. આ ત્રણેય ક્ષેત્રના લોકોની ઉપેક્ષા પાલવે તેવી નથી. ખેતી એ જીવન નિર્વાહના વ્યવસાય સાથે જોડાયેલા સમુદાય માટે હવેની પેઢીને રસ રહ્યો નથી એ વાસ્તવિકતા છે. પણ સામે અનાજ, કઠોળ, શાકભાજી, દૂધ, દહિં વિના પેટ ભરાવાના નથી એ પણ વાસ્તવિકતા છે. ખેડૂતોના દીકરાઓ જમીન ઉદ્યોગપતિઓ કે કોર્પોરેટ કંપનીઓને વેંચાણથી આપી દેશે. ત્યાર પછી તેની પાસેથી ભાડેથી વાવેતર માટે રાખવાનો અથવા કોર્પોરેટ કંપનીમાં ખેડૂત તરીકે નોકરી કરવાનો સમય આવશે એ દિવસો દુર નથી. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાનું શેખ પીપરીયા ગામ આદર્શ ગામ છે. જળસંચય અને ફર્નિચર ઉદ્યોગ, વ્યાપારમાં આ ગામે નામના પ્રાપ્ત કરી છે. દેખાવ નહી વાસ્તવિકતા સાથેનો નજારો ખરા અર્થમાં જોવા જેવો ખરો. આજ ગામના સાવ અંગુઠા છાપ પણ બળુકી ધરતીનું સંતાન એવા ભીખાભાઈ પરબતભાઈ શેખડાની ઉંમર-૬૫ વર્ષની છે. તેની પાસે ૨૦ વિઘા જમીન છે. ભીખાભાઈ વાતની શરૂઆત કરતા કહે છે. ક્યાં જઈને અટકશે આ ખેડુ'ભાઈઓ. ૨૦૦૫ પછી બીટી કપાસનું વાવેતર શરૂ થયું શરૂઆતમાં ૩૫ થી ૪૫ મણ કપાસના ઉતારા આવતા આજે ૫ મણથી ૨૫ મણના ઉતારા આવે છે. તેની સામે બિયારણો, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના મારી નાખે એવા ખર્ચાઓ છે. આપણે જમીન બગાડી નાખી છે. તેની સામે આપણા બાપ-દાદાઓ પશુપાલન સાથે ખેતી કરતા હતા એ છાણીયા ખાતરનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરવામાં આવે તો ખેતીના ખર્ચાઓ ઘટે છે. આજથી ૮-૯ વર્ષ પહેલા સુભાષ પાલેકરજીના પ્રાકૃતિક ખેતીની માહિતી-માર્ગદર્શનથી પ્રેરણા લઈને ભીખાભાઈએ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. ગામ ભલે દાંત કાઢે પણ મારા ખિસ્સામાંથી દવા, ખાતર પાછળ ખર્ચ થતો નથી. પોતાના ખેતર ઉપર જાતે અળસિયાનું ખાતર, જીવામૃત, આંકડાનો બોળો, દશપર્ણી વગેરે જેવા ખાતરો અને દવાઓ તૈયાર કરીને ખેતીમાં ઉપયોગ કરે છે. ચોમાસા દરમ્યાન મગફળીના પાકમાં મિશ્ર પાક તરીખે મકાઈનું વાવેતર કરેલ હતું. મગફળીમાંથી તેલ કઢાવીને વેચાણ કરશે. બાકી મગફળી બિયારણમાં વેંચાણ કરશે. શિયાળુ વાવેતરમાં ચણાના પાકમાં મિકસ પાક તરીકે મેથીનું વાવેતર કરેલ છે. જયારે હળદરનાં વાવેતરમાં મિકસ પાક તરીખે મરચીનું વાવેતર કરેલ છે. મરચીના પાકમાં લસણ, ધાણાનું મિકસમાં વાવેતર કરેલ છે. મિશ્ર પાક પધ્ધતિમાં રોગ-જીવાત નિયંત્રણ સારી રીતે કરી શકાય છે. ઉપરાંત ઉત્પાદનમાં ઘટ પડતી નથી. મિશ્ર પાક(છાંટા) તરીકે વાવેતર કરેલ પાકનું પણ ઉત્પાદન મળે છે. મરચુ પાવડર, હળદર પાવડર, ધાણા પાવડર અને ઘઉંનું ગ્રેડીંગ કરીને વેંચાણ કરે છે. પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન થતાં ખેત પેદાશોનાં ઉંચા ભાવો લેવા માટે પ્રાકૃતિક ખેતી નથી કરતા. ખેતી ખર્ચ ઘટાડવા અને જમીનને જીવંત રાખવા ભીખાભાઈ પ્રાકૃતિક ખેતી કરે છે. જેનો સંપર્ક નં.૯૭૨૭૪૯૨૮૮૯ છે.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

**તિખારો**

**સંસ્કારો અને ખાનદાનીની હંમેશા સંભાળ રાખજો. સમય પ્રમાણે કયાં અને કયારે લપસી પડાય તેની ખબર નહી રહે. કારણ કે તમારા કરતા આબરૂ લાંબુ જીવવાની છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન: ૯૨૭૫૭ ૦૮૩૪૨

» ઘઉં:

- પિયત ઘઉંમાં નીંઘલ અવસ્થાએ પાણીની ખેંચ ન પડે તે ખાસ જોવું.
- પોટીયા દાણા (કોડા) થતા અટકાવવા છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપવું, પછી પિયત ન આપવું.
- ઘઉંની કાપણી બરાબર પરિપક્વ થાય તે સમયે કરાવી જોઈએ. ઘઉં પરિપક્વ થયા બાદ વધારે સમય ખેતરમાં ઉભા રાખવામાં આવે તો ખરવાનું પ્રમાણ વધે છે.
- ભૂકી છારો માટે સંરક્ષણાત્મક પગલાં રૂપે વાવણી બાદ ૪૫ દિવસે ૩૦૦ મેશ ગંધકની ભૂકી ૨૫ કિ.ગ્રા. / હે. પ્રમાણે સવારમાં છોડ ઉપર ઝાકળ હોય ત્યારે છંટકાવ કરવો.
- ભૂકી છારો રોગ દેખાય કે તરત જ ઉપર જણાવ્યા પ્રમાણે ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.
- એકલન (આઈસોલેશન) અંતર :
- ઘઉં એ સંપૂર્ણ સ્વપરાગિત પાક છે. ઘઉંમાં બે ટકા કરતાં પણ ઓછું પરપરાગનયન જોવા મળે છે. તેથી ઘઉંનાં સર્ટિફાઈડ અને ફાઉન્ડેશન કક્ષાના પ્રમાણિત બીજ ઉત્પાદન માટે ઓછામાં ઓછું ૩ મીટર એકલન અંતર જાળવવું જરૂરી છે.

» ધાણા-જીરૂ:

- મોલોમશીનો ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવાનો છંટકાવ કરવો.
- ધાણામાં દેહધાર્મિક પરીપક્વતાએ કાપણી કરવી. છોડને છાંયડામાં સુકવવા અથવા ખેતરમાં ઉંધા સુકવવા. પાકા ખળામાં ધીમી ગતિએ ચાલતા થ્રેસરનો ઉપયોગ કરવો, ઝુડણી માટે પશુનો ઉપયોગ ટાળવો.

» જીરું :

- પીળીયા નામના રોગના નિયંત્રણ માટે ટ્રાયસાય્ક્લાઝોલ : ૧૫ મિ.લિ./પંપ નાખી છંટકાવ કરવો.

» ચણા :

- લીલી ઈયળ અથવા પોપટા કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે લીમડાની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીમડા આધારીત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ઉપયોગ કરવો.
- રાસાયણીક નિયંત્રણ માટે છોડમાં ૫૦ ટકા ફુલ બેસવાની અવસ્થાએ અને ત્યાર બાદ ૧૫ દિવસે ક્વિનાલફોસ અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૯.૩% લેમડાસાયહેલોથ્રીન ૪.૬% ઝેડસીઙ મિ.લિ. અથવા ઈમામેક્ટીન બેન્ઝોએટ ૨ ગ્રામ દવા ૧૦





લિટર પાણીમાં ભેળવીને છાંટવી. પાણીની અછતવાળા વિસ્તારમાં ચણાના પાકમાં ક્વિનાલફોસ ભુકી દવા હેક્ટરે ૨૫ કિ. પ્રમાણે છાંટવાથી સારૂ પરિણામ મળે છે.

- પોપટામાં દાણા ભરાતી વખતે અચૂક પિયત આપવું.

» કાળીજીરી :

- સફેદ માખીનાં નિયંત્રણ માટે ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીમડા આધારીત તૈયાર કીટનાશક ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) અથવા બીવેરીયા બેસીયાના નામની ફુગનો પાઉડર ૬૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» રજકો:

- લીલી ઈયળનાં નિયંત્રણ માટે ક્ષમ્ય માત્રાને અનુસરી ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૯.૩ % લેમડાસાયહેલોથ્રીન ૪.૬ % ઝેડસી ૪ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસસી ૩ મિ.લિ. અથવા ઇન્ડોક્ઝાકાર્બ ૧૪.૫ એસસી ૮ મિ.લિ. અથવા લેમડાસાયહેલોથ્રિન ૫ ઇસી અથવા લુફેન્યુરોન ૫ એસસી ૧૦ મિ.લિ. અથવા થાયોડીકાર્બ ૭૫ વેપા ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» બાગાયતી પાકો:

» કેળ :

- સુકારો (મોકો) નિયંત્રણ માટે છોડ પર સ્ટ્રેપ્ટો સાયકલીન ૧૦ ગ્રામ કોપર ઓકિસક્લોરાઈડ ૧૦ ગ્રામ/૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

» પપૈયા :

- થડ ફરતે જમીનની ૪૦ થી ૫૦ સે.મી. ઊંચાઈ સુધી બોર્ડોપેસ્ટ લગાવવી.

» જામફળ:

- છાલ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે હંગાર સાફ કરી ૧૦ લિટર પાણીમાં ક્લોરપાયરીફોસ ૨૦% ઈ.સી. ૨૫ મિ.લિ.નું દ્રાવણ ઝાડના થડ ફરતે છાલમાં છાંટવું કે કેરોસીનનું પોતું પૂરી કાણા ચીકણી માટીથી બંધ કરવા.

» દાડમ:

- થ્રીપ્સના નિયંત્રણ માટે સ્યાન્ટ્રાનીલીપ્રોલ ૧૦.૨૬ એડી ૫ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો.

» નાળીયેરી : પાનના ટપકાં

- રોગ લાગેલ જૂના પાનને કાપી નાશ કરવો. ૧ ટકા બોર્ડો મિશ્રણ અથવા કોપર ઓક્ઝિક્લોરાઇડ ૨૦ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં ઓગાળી દ્રાવણનો પાન પર છંટકાવ કરવો. આ રોગનાં વધુ આક્રમણનાં નિયંત્રણ માટે પ્રોચપીકોનાઝોલ ૨૫% ઈ.સી. ૧૦ મિ.લિ. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦% વે.પા. ૧૦ ગ્રામ / ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

» જમીનની ભૌતિક સ્થિતિ સુધારવા

જમીનની ભૌતિક સ્થિતિ સુધારવા માટે જીપ્સમ ૨ ટન / હે. આપવાની પણ ભલામણ કરવામાં આવે છે. આ રીત અપનાવવાથી ખેડૂત ૨૦ ટકા પાણી અને નાઈટ્રોજન ખાતરની બચત સાથે ૫૧ ટકા વધુ ઉત્પાદન અને ૪૨ ટકા વધુ ચોખ્ખી આવક મેળવી શકે.



» જૈવિક કવચ (બાયોશિલ્ડ) શા માટે ?

- જૈવિક કવચ એ તોફાન, ચક્રવાત અને સુનામીની અસરોને ઘટાડવામાં મહત્વનો ફાળો ભજવી શકે. તેને ટૂંકા અને લાંબા ગાળાના પ્રકૃતિલક્ષી, જીવનલક્ષી લાભોના સાધન તરીકે પણ જોવામાં આવે છે.
- દરિયાકાંઠાના વિસ્તારોમાં જૈવિક કવચ જેમાં મેંગ્રુવ્સ, કેસુરિના, પામ્સ, વાંસ અને અન્ય વૃક્ષોની પ્રજાતિઓ, હેલોફાઈટ્સ જેવા કે સેલીફોર્નિયા વગેરેનો સમાવેશ થાય છે.
- તે વાવાઝોડા, ચક્રવાત અને સુનામીની પરિસ્થિતિના સમયે ગતિ અવરોધક તરીકે કામ કરે છે.
- વધુમાં, તે કાર્બનિસિંક તરીકે સેવા આપે છે, કારણ કે તેઓ કાર્બસિક્વેસ્ટ્રેશન અને ટકાઉ મત્સ્યપાલન અને કૃષિને વધારવામાં મદદ કરે છે.

આજીવિકાના વિકલ્પો સાથે જૈવિક કવચનું એકીકરણ અને વિવિધ સાઇટ વિશિષ્ટ મોડેલો વિકસાવીને ઇકો-રિસ્ટોરેશન ખૂબ જ મહત્વપૂર્ણ છે.

- ચરમી, મૂળખાઈ, મૂળનો સુકારો, ધરૂનો કોહવારો, કાળી ફૂગ અને ઉગસુક વગેરે રોગો સામે તેમજ કૃમિ સામે અસરકારક પરિણામ માટે બાઉન્સર સ્યુડોમોનાસ ફ્લ્યુરોસેસ ૧.૦ % મુજબ ૫૦.૦ ગ્રામ/ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. આ એક કિલો /એક એકર માટે જોઈએ.

» લસણ-ડુંગળી :

- થ્રીપ્સ કે ચુસીયાં પ્રકારની જીવાતના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવાનો છંટકાવ કરવો.
- સ્ટેમ ફીલીયમબ્લાઈટનાં નિયંત્રણ માટે લસણના બીજ વાવેતર કરતાં પહેલાં થાયરમ ૨.૫ ગ્રામ પ્રતિ ૧ કિ.ગ્રા. અથવા "ટ્રાયકોડર્માવિરીડી" ૫ ગ્રામ પ્રતિ ૧ કિ.ગ્રા બીજ મુજબ માવજત આપવી.
- આ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ પાણીમાં મિશ્ર કરી ૧૦ દિવસના અંતરે ચાર વખત છંટકાવ કરવો. રોગની શરૂઆત વખતથી ચાલુ કરી દેવો.

» શેરડી :

- શેરડીમાં ટોચવેધક, મૂળવેધક, ડુંખવેધકના નિયંત્રણ માટે રોપણી વખતે દાણાદાર દવા ફોરેટ ૧૦ જી. ૧૫ કિલોગ્રામ અથવા કાર્બોફ્યુરાન ૩ જી. ૫૦ કિલોગ્રામ હેક્ટર દીઠ વાવેતર વખતે ચાસમાં આપવું.



### જંતુનાશક દવાઓમાં રહેલા ઝેરની માત્રા વિશેની માહિતી

| ક્રમ | દવાઓમાં રહેલ ઝેરની માત્રા મુજબ વર્ગીકરણ | દવાના ડબ્બા પર દર્શાવેલ ત્રિકોણનો રંગ | એલ.ડી. ૫૦ મિ.ગ્રા./કિલો (ઉંદર) | |
|---|---|---|---|---|
| | | | ચામડી દ્વારા | મુખ દ્વારા |
| ૧. | અત્યંત ઝેરી | લાલ | ૧ થી ૨૦૦ | ૧ થી ૫૦ |
| ૨. | ઝેરી | પીળો | ૨૦૧ થી ૨૦૦૦ | ૫૧ થી ૫૦૦ |
| ૩. | સાધારણ ઝેરી | ભૂરો | ૨૦૦૧ થી ૨૦,૦૦૦ | ૫૦૧ થી ૫૦૦૦ |
| ૪. | નહિવત ઝેરી | લીલો | ૨૦,૦૦૦ થી વધુ | ૫,૦૦૦ થી વધુ |

# પાક વૈવિધ્યકરણ : આબોહવા પરિવર્તન સામે સ્થિતિસ્થાપકતા સુધારવા માટે એક કાર્યક્ષમ રીત

મુનિરા એસ. માંડવીવાલા અને ડો. રિશી કે. કાલરીયા, સશ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી, અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

ભારતમાં મોટા ભાગની ખેતીની જમીન ખંડિત છે જેથી ખેડૂતો પાસે નાની જમીનનું સંચાલન કરવું મુશ્કેલ બને છે. વધુમાં, ખેડૂતો મોટે ભાગે મોનોકલ્ચર કરે છે. મોનોકલ્ચર, વ્યાપારીકરણ અને બજારની માંગને કારણે પ્રચલિત બન્યું છે. જો કે, આ અભિગમમાં નોંધપાત્ર આર્થિક અને પારિસ્થિતિક ખામીઓ છે, જેમાં જમીનના પોષક તત્ત્વોનો ઘટાડો, જંતુઓ અને રોગોની વધતી જતી સંવેદનશીલતા, જૈવવિવિધતાની ખોટ અને જમીનની અધોગતિ, જે સામૂહિક રીતે ઈકોસિસ્ટમની સ્થિતિસ્થાપકતાને નબળી પાડે છે. વધુમાં, મોનોકલ્ચર આત્યંતિક બદલાતી આબોહવાની પરિસ્થિતિઓ જેમ કે આત્યંતિક હવામાનની ઘટનાઓ, તાપમાનની વધઘટ અને અનિયમિત વરસાદની પેટર્નને અનુકૂલન કરવાની ક્ષમતા નબળી પડે છે.માટે કૃષિ પ્રણાલીઓની અનુકૂલનક્ષમતા ઘટાડીને અને સંસાધનોની ઉપલબ્ધતામાં ફેરફાર કરીને આબોહવા પરિવર્તન પ્રત્યે સંવેદનશીલતાને વધારે છે. તેનાથી વિપરીત, પાક વૈવિધ્યકરણ - સમય અને અવકાશમાં બહુવિધ ઉત્પાદન સ્ત્રોતો જાળવી રાખવા તરીકે વ્યાખ્યાયિત - આ પડકારોનો ટકાઉ ઉકેલ આપે છે. પાક વૈવિધ્યકરણની વિવિધ પદ્ધતિઓની શોધ કરે છે, જેમાં અવકાશી (દા.ત., આંતરખેડ, કૃષિ વનીકરણ) અને ટેમ્પોરલ વ્યૂહરચનાઓ (દા.ત., પાક પરિભ્રમણ), તેમના ફાયદાઓ પર ભાર મૂકે છે જેમ કે માટીના આરોગ્યમાં સુધારો, જંતુ અને રોગના દબાણમાં ઘટાડો સંસાધનોના ઉપયોગની કાર્યક્ષમતા અને આબોહવાની પરિવર્તનક્ષમતામાં વધારો. વધુમાં, અમે જમીન આરોગ્ય વ્યવસ્થાપન, સુસંગત પાકની પસંદગી અને સામુદાયિક જોડાણ સહિત મોનોકલ્ચરમાંથી વૈવિધ્યસભર પાક પદ્ધતિમાં સંક્રમણ માટેના વ્યવહારુ પગલાંની રૂપરેખા આપીએ છીએ. જૈવવિવિધતા અને ઈકોસિસ્ટમ સેવાઓને પ્રોત્સાહિત કરીને, પાક વૈવિધ્યકરણ માત્ર આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરોને ઘટાડે છે પરંતુ લાંબા ગાળાની કૃષિ ટકાઉપણું અને આર્થિક સ્થિરતા પણ સુનિશ્ચિત કરે છે.

**પાક વૈવિધ્યકરણ: આબોહવા પરિવર્તન સામે ટકાઉ અભિગમ**

પાક વૈવિધ્યકરણને ઉત્પાદનના બહુવિધ સ્ત્રોતોની જાળવણી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, અને ખેતીના લેન્ડસ્કેપ્સ અને સમય જતાં જે ઉત્પાદિત થાય છે તે બદલાય છે. અવકાશી અને સમય આધારિત વૈવિધ્યકરણ એ બે અલગ-અલગ પ્રકારની પાકની પેટર્ન છે જે ખેતરમાં પાકમાં વિવિધતા લાવવા અને પાકની ગુણવતા વધારવા માટે અનુસરવામાં આવે છે. અવકાશી પાક વૈવિધ્યતામાં આંતર ખેડ, ગલીપાક, બહુમાળીપાક, મિશ્રપાક અને કૃષિ વનીકરણનો સમાવેશ થાય છે જ્યાં એક જ સમયે એક કરતાં વધુ છોડની પ્રજાતિઓ જમીન પર સમાવિષ્ટ કરવામાં આવે છે જ્યારે પાક પરિભ્રમણ, રિલેક્રોપિંગ અને કેચક્રોપિંગ દ્વારા સમય આધારિત પાક વૈવિધ્યતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને વરસાદ આધારિત પરિસ્થિતિ આબોહવામાં વિક્ષેપોને કારણે પાકની કુલ નિષ્ફળતા સામે વીમો આપવા સાથે સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ દ્વારા એ ઓછી જમીનમાંથી વધુ પાક લેવામાં બહુ-પાકની પ્રેક્ટિસ કરવામાં આવે છે. તદુપરાંત, તે જીવાતો અને રોગોના ચક્રને પણ તોડી શકે છે. પાક વૈવિધ્યકરણ કેવી રીતે ખેતરો અને કૃષિ પ્રણાલીઓની સ્થિરતા અને સ્થિતિસ્થાપકતામાં સુધારો કરે છે?

- જંતુ અને રોગના દબાણમાં ઘટાડો: એક જ વિસ્તારમાં એકથી વધુ પાક ઉગાડવાથી જીવાત અને રોગના ચક્રને તોડવામાં મદદ મળે છે. વિવિધ પાકો વિવિધ જંતુઓ અને રોગાણુઓને આકર્ષે છે, જે વ્યાપક ફાટી નીકળવાના જોખમને ઘટાડે છે જે મોનોકલ્ચરને નષ્ટ કરી શકે છે.
- જમીનની તંદુરસ્તીમાં સુધારો: પાક વૈવિધ્યકરણ જમીનની રચના, પોષક તત્ત્વો અને કાર્બનિક પદાર્થોની સામગ્રીને વધારે છે. વૈવિધ્યસભર મૂળ પ્રણાલીઓ અને પાકના અવશેષો સારી જમીનની ફળદ્રુપતામાં ફાળો આપે છે અને અધોગતિ અટકાવે છે, જે લાંબા ગાળાની ઉત્પાદકતા તરફ દોરી જાય છે.
- સંસાધનનો બહેતર ઉપયોગ કાર્યક્ષમતા: વિવિધ પાકોમાં પાણી, પોષક તત્વો અને પ્રકાશની જરૂરિયાતો વિવિધ હોય છે. પાકોના મિશ્રણને ઉગાડવાથી, ખેડૂતો ઉપલબ્ધ સંસાધનોના ઉપયોગને શ્રેષ્ઠ બનાવી શકે છે, ખાતર અને પાણી જેવા બાહ્ય ઈનપુટ્સની જરૂરિયાતને ઘટાડી શકે છે.
- આર્થિક સ્થિરતા: વિવિધ પાક ઉગાડવાથી, ખેડૂતો એક બજાર અથવા પાકની કિંમત પરની તેમની નિર્ભરતા ઘટાડી શકે છે, જેનાથી વધુ સ્થિર આવક થાય છે. જો એક પાક નિષ્ફળ જાય અથવા તેનું બજાર મૂલ્ય ઓછું હોય, તો અન્યો સફળ થઈ શકે છે, નાણાકીય જોખમ ઘટાડે છે.
- જૈવ વિવિધતાનું સંરક્ષણ: વૈવિધ્યસભર ખેતરો વનસ્પતિ, જંતુઓ અને પ્રાણીઓની પ્રજાતિઓની વિશાળ શ્રેણીને ટેકો આપે છે, જે તંદુરસ્ત ઈકોસિસ્ટમમાં ફાળો આપે છે અને પર્યાવરણીય આંચકાઓ માટે વધુ સ્થિતિસ્થાપકતા આપે છે.

**મોનોકલ્ચરમાંથી પાક વૈવિધ્યકરણ તરફ વળવાના પગલાં અને અભિગમો:**

- જમીન આરોગ્ય વ્યવસ્થાપન: જમીનની ફળદ્રુપતા, માળખું અને માઈક્રોબાયલ પ્રવૃત્તિનું મૂલ્યાંકન કરીને જમીનના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપો. જમીનની ગુણવત્તા વધારવા માટે કવર પાક, ઓછી ખેડાણ અને કાર્બનિક સુધારા જેવી પદ્ધતિઓનો અમલ કરો, જે સફળ પાક વૈવિધ્યકરણ માટે નિર્ણાયક છે.
- સુસંગત પાકોની પસંદગી: સ્થાનિક આબોહવા, જમીનની સ્થિતિ અને બજારની માંગ સાથે સુસંગત પાકોનું મિશ્રણ પસંદ કરો. વૃદ્ધિ ચક્ર, પોષક તત્વોની જરૂરિયાતો અને સ્થાનિક જીવાતો અને રોગો સામે પ્રતિકાર જેવા પરિબળોને ધ્યાનમાં લો. કઠોળ, અનાજ અને શાકભાજીનો સમાવેશ જૈવવિવિધતા અને આર્થિક સ્થિરતામાં સુધારો કરી શકે છે.
- આંતરખેડ અને સાથી વાવેતર: જમીનના ઉપયોગની કાર્યક્ષમતા વધારવા અને ફાયદાકારક છોડ-સૂક્ષ્મ જીવાણુ ક્રિયાપ્રતિક્રિયાઓ બનાવવા માટે આંતરખેડ (એકસાથે બે અથવા વધુ પાક ઉગાડવા) અને સાથી વાવેતર (એકબીજાને ફાયદો થાય તેવા પાકોનું વાવેતર) સાથે પ્રયોગ કરો.
- એગ્રોઈકોલોજિકલ પ્રેક્ટિસનું અમલીકરણ: એગ્રોઈકોલોજીકલ પ્રેક્ટિસ અપનાવો જે જૈવવિવિધતા અને ઈકોસિસ્ટમ સેવાઓને વધારે છે, જેમ કે કૃષિ વનીકરણ, પોલીકલ્ચર અને પશુધનનું પાક પદ્ધતિમાં એકીકરણ. આ પદ્ધતિઓ આબોહવા પરિવર્તન માટે સ્થિતિસ્થાપકતામાં સુધારો કરી શકે છે અને રાસાયણિક ઈનપુટ્સ પર નિર્ભરતા ઘટાડી શકે છે.
- દેખરેખ અને મૂલ્યાંકન: વૈવિધ્યસભર પાક પદ્ધતિની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે મોનિટરિંગ સિસ્ટમની સ્થાપના કરો. જમીનની તંદુરસ્તી, પાકની ઉપજ, જંતુ અને રોગની ગતિશીલતા અને આર્થિક સદ્ધરતાનું મૂલ્યાંકન કરો. જાણકાર ગોઠવણો અને સુધારાઓ કરવા માટે આ ડેટાનો ઉપયોગ કરો.









# સુક્ષ્મ તત્વોનું શાકભાજી પાકોમાં મહત્વ

દિક્ષિત પઢીયાર અને ભાવિક ગોંડલિયા, પી.એચ.સ્કોલર, વેજીટેબલ સાયન્સ, બાગાયત મહાવિદ્યાલય, જુ.કૃ.યું. જુનાગઢ. સિનિયર રિસર્ચ ફેલો, કોલેજ ઓફ નેચરલ ફાર્મિગ, ગુ.ને.ફા.યુ., અમરેલી



**પ્રસ્તાવના :**

**સુક્ષ્મ તત્વો:**

જેવા કે લોહ, જસત, તાંબુ, મેંગેનીઝ, મોલીબ્ડેથનમ, બોરોન જેની બહુ ઓછા પ્રમાણમાં શાકભાજીનાં પાકોને જરૂરીયાત હોવાથી સુક્ષ્મ તત્વો તરીકે ઓળખીએ છીએ. સુક્ષ્મ પ્રમાણમાં જરૂરીયાત હોવા છતા છોડનાં વિકાસ અને વૃદ્ધિમાં મુખ્ય છ અને ગૌણ તત્વો. (નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ, કેલ્શીલયમ, મેગ્નેશીયમ, ગંધક) જેવા આવશ્યક પોષક તત્વો જેટલુ મહત્વનું સ્થાન ધરાવે છે. મુખ્ય અને ગૌણ તત્વોની જેમ સુક્ષ્મ તત્વોનાં ઉણપના કારણે વૃદ્ધિ અને વિકાસ તો અટકે છે તે ઉપરાંત પાકનું ઉત્પાદન પણ ઘટે છે. જો આ સુક્ષ્મ તત્વોનું પ્રમાણ જમીનમાં વધી જાય તો પણ તેની પાક ઉત્પાદનમાં આડઅસર જોવા મળે છે. તેથી સુક્ષ્મ તત્વોની ઉણપ તથા વધારે માત્રામાં પૂર્તિ શાકભાજીનાં પાકોને નુકસાન પહોંચાડે છે.

ગુજરાત રાજયની જમીનોમાં કુલ વાવેતર વિસ્તારમાં ૬૯ ટકા વિસ્તારમાં જસતની ઉણપ અને ૫૯ ટકા વિસ્તારમાં લોહની ઉણપ જણાય છે. ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની ચૂનાયુક્ત જમીનમાં જસત અને લોહની ઉણપ સવિશેષ જોવા મળે છે. ગુજરાતમાં મેંગેનીઝ, તાંબુ, બોરોન અને મોલીબ્ડેની અપૂરતાવાળો વિસ્તાર અનુક્રમે ૧૭, ૧૨, ૬ અને ૧૦ ટકાનો નોંધાયેલ છે.

**જમીનમાં પોષક તત્વોની લભ્યતાને અસર કરતા પરિબળો :**

જમીનમાં પોષક તત્વોની લભ્યતા મુખ્યત્વે (૧) જમીનનો અમ્લતા આંક (૨) ઝીણી માટીનું પ્રમાણ (૩) મુક્ત ચૂનો (૪) સેન્દ્રિય તત્વ (૫) જમીનનો ભેજ (૬) જમીનનું ઉષ્ણતામાન (૭) તત્વો સાથે પારસ્પરિક સંબંધ, જેવા અનેક પરિબળો ઉપર આધાર રાખે છે. ખાસ કરીને સુક્ષ્મ તત્વોથ્ની ખામી હલકી પ્રતની રેતાળ, ખડકાળ, પથ્થરિયા, ચૂનાવાળી તેમજ ઓછા નિતારવાળી ક્ષારીય જમીનો કે અમ્લતા આંક ઉંચો હોય તેવી ભાસ્મીક જમીનમાં તેમજ જમીનના ઉપલા પડનું ધોવાણ થયેલ હોય તેવી જમીનમાં વર્તાય છે. શાકભાજીનાં જુદા જુદા પાકોની જરૂરીયાત ઉણપની પરિસ્થિતીની વિસ્તૃત માહિતી નીચે કોઠામાં આપેલ છે.

| કોઠો :૧ સુક્ષ્મ તત્વોની ઉણપની પરિસ્થિતી અને પરિબળો | ઉણપની પરિસ્થિતિ |
|---|---|
| જસત | ઓછા પ્રમાણમાં સેન્દ્રિય પદાર્થનું હોવું, અમ્લીય આંક ૭ કરતા ઓછો, ફોસ્ફરસનું વધારે પ્રમાણ, વધારે સેન્દ્રિય જમીન, વધારે સમય ભેજ રહેવો. |
| મેંગેનીઝ | ઓછા પ્રમાણમાં સેન્દ્રિય પદાર્થનું હોવું, અમ્લીય આંક ૭ કરતા ઓછો, ફોસ્ફરસનું વધારે પ્રમાણ, વધારે સેન્દ્રિય જમીન, વધારે સમય ભેજ રહેવો. |
| બોરોન | ઓછા પ્રમાણમાં સેન્દ્રિય પદાર્થ, ૭.૪ કરતા વધારે અમ્લીય આંક, ઘસારો પહોંચેલી જમીન, રેતાળ જમીન, દુકાળ જેવી પરિસ્થિતી |
| લોહ તત્વ | ૭.૪ કરતા વધારે અમ્લીય આંક, વધારે સમય જમીનમાં ભેજ રહેવો, કેલકેરીયસ જમીન |
| કોપર | રેતાળ જમીન, સેન્ચિકા જમીન, વધારે ઓછા પ્રમાણમાં અમ્લીય આંક, ચૂનાયુકત જમીન |
| મોલીબ્ડેનમ | અમ્લીય જમીન (અમ્લીય આંક ૫.૫ કરતા નીચો), વધારે પ્રમાણમાં ઘસારો પામેલી જમીન |

**શાકભાજીનાં પાકોનો પ્રતિભાવ:**

શાકભાજીનાં પાકો સુક્ષ્મ તત્વોને સારો પ્રતિભાવ આપે છે તથા સુક્ષ્મ તત્વોની ઉણપનાં ચિન્હો તથા લક્ષણો જુદી જુદી શાકભાજીમાં જુદા જુદા જોવા મળે છે. જો સુક્ષ્મ તત્વો ઓછા અથવા અપૂરતા પ્રમાણમાં હશે તો તે સુક્ષ્મ તત્વોની પૂર્તિને વધારે પ્રમાણમાં પ્રતિભાવ મળશે પરંતુ જો પૂરતા પ્રમાણમાં જમીનમાં હશે તો તે સુક્ષ્મતત્વોની પૂર્તિને પ્રતિભાવ મળશે નહી. તે જ રીતે, શાકભાજીનાં પાકોમાં સુક્ષ્મ તત્વોની વધારે પ્રમાણમાં જરૂરીયાત હશે તે પાકોને સુક્ષ્મ તત્વોનો પ્રતિભાવ મળશે. અને જે પાકોને સુક્ષ્મ તત્વોની જરૂરીયાત નહી હોય તે પાકોને પ્રતિભાવ મળશે નહી. આથી સુક્ષ્મ તત્વોનો પ્રતિભાવ જે તે પાકોની જરૂરીયાત તથા જમીનમાં રહેલ પ્રમાણ ઉપર આધારિત છે. દા.ત. શાકભાજીમાં બોરોનની બહોળા પ્રમાણમાં ઉણપ જોવા મળે છે. જેથી બોરોનની ઉણપવાળી જમીન પર ફ્લાવર તથા કંદમૂળ જેવા પાકોને વધારે પ્રમાણમાં જરૂરીયાત હોવાથી વધારે પ્રતિભાવ મળે છે. કાકડી, વાલ, વટાણા જેવા પાકોને ઓછા પ્રમાણમાં બોરોનની જરૂરીયાત હોવાથી બોરોનનો પ્રતિભાવ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. શાકભાજીમાં સુક્ષ્મ તત્વોનો પ્રતિભાવ, જમીનમાં રહેલા સુક્ષ્મ પોષક તત્વો કરતા જમીનની પરિસ્થિતી તથા બીજા પરિબળો વધારે જવાબદાર છે. સામાન્ય રીતે સુક્ષ્મ તત્વોની લભ્યતા મુખ્યત્વે જમીનની અમ્લીય (પી.એચ.) આંક ઉપર વધારે નિર્ભર કરે છે. જો જમીનનો અમ્લીય આંક ૬ અને ૬.૮ની વચ્ચે હોય તો સુક્ષ્મ તત્વોની ઉણપ કોઈ ખાસ પરિસ્થિતી સિવાય જોવા મળતી નથી. જમીનમાં સુક્ષ્મ તત્વોની ઉણપ હોય તેવી જમીન પર શાકભાજી પાકોનું વાવેતર કરવામાં આવે તો પાકોમાં જીવનકાળ દરમિયાન ઉણપ વર્તાય. સુક્ષ્મ પોષક તત્વોમાં લાક્ષણિક ઉણપનાં ચિન્હો છોડનાં ચોક્કસ ભાગ ઉપર જોવા મળે છે. આમ, છોડ ઉપર આવતા સામાન્ય ઉણપનાં ચિન્હોને આધારે સુક્ષ્મ તત્વોની ઉણપ નક્કી કરી શકાય છે. (ક્રમશઃ)

# મહારાષ્ટ્રમાં ભાજપે મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં સદસ્યતા અભિયાન શરૂ કર્યું



મુંબઈ,તા.૦૫

બાંગ્લાદેશીઓના મુદ્દે ભાજપને મુસ્લિમોનું ઘણું સમર્થન મળી રહ્યું છે. ભાજપે મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં સદસ્યતા અભિયાન શરૂ કર્યું છે, જ્યાં તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. મુસ્લિમો કહી રહ્યા છે કે અમે મોદી સાથે છીએ. ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને ભગાડવા જોઈએ. અમે પણ સરકારને સાથ આપીશું. તેમનું કહેવું છે કે ભાજપ મંદિર અને મસ્જિદની રાજનીતિ નથી કરતી, કેટલાક અસામાજિક તત્વો છે જે આ બધું કરી રહ્યા છે. મુસ્લિમોને પણ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મળી રહ્યો છે, તેથી જ તેઓ ભાજપના સભ્ય બની રહ્યા છે. ઘણા મુસ્લિમો કહે છે કે બાંગ્લાદેશીઓના કારણે તમામ મુસ્લિમો કુખ્યાત છે. શા માટે આપણે બધાએ તેના કારણે બદનામ થવું જોઈએ? અમે ભાજપને સમર્થન આપીશું. ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં ભાજપ મુસ્લિમ વિરોધી ટેગ હટાવવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપે સદસ્યતા અભિયાનમાં ખાસ કરીને મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોને નિશાન બનાવ્યા છે. આ અભિયાન દ્વારા આગામી BMC ચૂંટણીને ધ્યાનમાં રાખીને મુસ્લિમ વોટબેંક મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# પર્વતીય રાજ્યોમાં બે દિવસ હિમવર્ષાની ચેતવણી : ઠંડીના કારણે લોકો ઠુઠવાયા

નવીદિલ્હી,તા.૫



પશ્ચિમ હિમાલયના રાજ્યોમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાના કારણે પર્વતો તેમજ મેદાની વિસ્તારોમાં ઠંડીમાં વધારો થયો છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ સહિત ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં ઠંડા દિવસ જેવી સ્થિતિ પ્રવર્તે છે. રાજસ્થાન અને સુદૂર પૂર્વના રાજ્યો ઝારખંડ અને ઓડિશા પણ તીવ્ર ઠંડીની લપેટમાં છે. મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહ્યું છે. હવામાન વિભાગે ૬ જાન્યુઆરી સુધી જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં અલગ-અલગ સ્થળોએ વરસાદ અને ભારે હિમવર્ષાને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જેના પછી ઠંડીમાં વધુ વધારો થવાની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં એક નવો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થયો છે. તેની અસરને કારણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન આ વિસ્તારના મોટાભાગના વિસ્તારોમાં તીવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. યુપીના કેટલાક ભાગો તેમજ દક્ષિણ પંજાબ અને દક્ષિણ હરિયાણામાં અલગ-અલગ સ્થળોએ ઠંડા દિવસની સ્થિતિ યથાવત રહી હતી. હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં શીત લહેર પ્રવર્તી રહી છે. નોંધનીય છે કે શિયાળાના દિવસોમાં વાવણી કરવામાં આવે છે જ્યારે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૪-૫ ડિગ્રી સેલ્સિયસ ઓછું હોય છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ૫ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. તે જ સમયે, ૫ અને ૬ જાન્યુઆરીએ ઉત્તરાખંડમાં હિમવર્ષા થઈ શકે છે.

# વારાણસી ખાતે રમાયેલી ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં ગુજરાતને વોલીબોલમાં બ્રોન્ઝ



ગીરસોમનાથ, તા.૦૫

ઉત્તર પ્રદેશના વારાણસી ખાતે આયોજિત ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં વોલીબોલ અન્ડર-૧૪ વિભાગમાં ગુજરાતની ટીમે શાનદાર પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. આ ટીમમાં સોમનાથ એકેડેમી (DLSS)ના ખેલાડી પાલ સૌરભે ઉત્કૃષ્ટ રમત દાખવી શાળા અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. રાષ્ટ્રીય કક્ષાએ મેળવેલી આ સિદ્ધિ બદલ કરશનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયા, જીગરભાઈ દેસાઈ સહિત સમગ્ર સ્ટાફે ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કોડીનાર પોલીસે ગુમ થયેલા ૧૪ કિંમતી મોબાઈલ ફોન શોધી માલિકોને પરત કર્યા

કોડીનાર, તા.૦૫

કોડીનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખોવાયેલા અને ગુમ થયેલા મોબાઈલ ફોનને શોધવાની કામગીરીમાં કોડીનાર પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસ ઈન્સ્પેક્ટર એન.આર. પટેલની સૂચના અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે ૪.૩૫ લાખની કિંમતના ૧૪ મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે.



કોડીનાર ટાઉન બીટના એ.એસ. આઈ. કંચનબેન વજુભાઈ, પોલીસ હેડ કોન્સ્ટેબલ ધીરુભાઈ ચીથરભાઈ, પોલીસ કોન્સ્ટેબલ ભગવાનભાઈ જીણાભાઈ, ભીખુશા બચુશા અને હિંમતભાઈ આતુભાઈની ટીમે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી વિવિધ કંપનીઓના ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. આ તમામ મોબાઈલ ફોન જે તે સ્થિતિમાં તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કોડીનાર ટાઉન બીટે અત્યાર સુધીમાં કુલ ૧૦૬ મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે, જેની કુલ કિંમત રૂ. ૨૩.૨૮ લાખ જેટલી થવા જાય છે. પોલીસની આ પ્રશંસનીય કામગીરીથી અનેક લોકોને તેમના ગુમ થયેલા મોબાઈલ ફોન પરત મળ્યા છે.

# છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૪ નક્સલવાદીઓનાં મોત

(એચ.એસ.એલ),દંતેવાડા,તા.૫

છત્તીસગઢના અબુઝહમદ વિસ્તારમાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં ચાર નક્સલવાદીઓ માર્યા ગયા છે. માર્યા ગયેલા નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. સુરક્ષા દળોએ આ એન્કાઉન્ટરમાં એકે-૪૭, એસએલઆર અને અન્ય ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. એન્કાઉન્ટરમાં દંતેવાડા ડીઆરજી હેડ કોન્સ્ટેબલ સન્નુ કરમ શહીદ થયા છે. હાલમાં, એન્કાઉન્ટર ચાલી રહ્યું છે અને ડીઆરજી (ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ) અને એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ)ના જવાનોને વિસ્તારમાં તૈનાત કરવામાં આવ્યા છે. આ ઓપરેશનમાં ૪ જિલ્લાના સુરક્ષા દળો સામેલ છે. છત્તીસગઢના નક્સલ પ્રભાવિત નારાયણપુર અને દંતેવાડા જિલ્લાના સરહદી વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અબુઝહમદ વિસ્તારમાં એન્કાઉન્ટર ચાલી રહ્યું છે.

# યાત્રાધામ બગદાણા જવાનો રસ્તો તંત્રના પાપે અતિ ખરાબ હાલતમાં

**બે વર્ષથી રૂા. ૯ કરોડ પાસ થયેલ છે છતાં રોડ બન્યો નહી**



અમરેલી, તા.૦૫

સૌરાષ્ટ્રમાં તપસ્વીની ભૂમિ એટલે બગદાણામાં બાપા સીતારામનું ભવ્ય મંદિર છે. જ્યાં સમગ્ર ગુજરાત, દેશ અને વિદેશના શ્રદ્ધાળુઓ બારેમાસ દર્શન કરવા માટે આવે છે. હજારોની સંખ્યામાં લોકો આ રસ્તા ઉપરથી પસાર થાય ત્યારે ઉંટની સવારીનો અહેસાસ થાય છે. બે વર્ષથી ઠાડચથી રોસિયા સુધીનો ફોર લેન રોડ રૂ. નવ કરોડના ખર્ચથી પાસ થયેલ હોવા છતાં પણ તંત્રના પાપે ટેન્ડર બહાર પાડવામાં આવતું નથી અને ભક્તો-સેવકોને હેરાન થવું પડે છે. અવારનવાર નાના મોટા અકસ્માતો થાય છે. કેટલાક લોકો હાથ-પગ અને જીવ પણ ગુમાવે છે. રાળગોનનું નાળુ બેસી ગયેલ છે, આથી વહેલી તકે સામાજિક-રાજકીય આગેવાનો આ રસ્તાનું અને નાળાનું કામ કરાવે તેવી લોકોમાં માગ ઉઠી છે. જો આ રસ્તો તાત્કાલિક બનાવવામાં નહીં આવે તો લોકો રસ્તો રોકો આંદોલન અને ઉપવાસ ઉપર બેસીને રામધૂન કરીને તંત્રને ઉઘાડું પાડશે.

# કોડીનાર વિસ્તારમાં નવા ચૂંટણી કાર્ડમાં ટૂંકું નામ અને અટક જ દર્શાવતા રજૂઆત

કોડીનાર, તા.૦૫

કોડીનાર મામલતદાર કચેરી દ્વારા જે નવા ચૂંટણી કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે તેમાં માત્ર નામ અને અટક જ દર્શાવવામાં આવે છે. જ્યારે બીજા વિસ્તારમાં ઈસ્યુ કરાતા આવા કાર્ડમાં નામ અને તેના પિતાનું નામ પણ દર્શાવવામાં આવે છે. આ કારણે નવદંપતીઓને તેના પતિના નામ સાથે નવું કાર્ડ બનાવવામાં મુશ્કેલી પડે છે અને ચૂંટણી કાર્ડમાં અધુરા નામને કારણે આધાર કાર્ડ રીજેકટ થઈ જાય છે. આથી કોડીનાર વિસ્તારના લોકોએ આ મુશ્કેલી



તસવીર : કૈલાશ ભટ્ટ-ઉના

અંગે ભારતીય કિસાન યુનિયન (અ)ના સેલ મંત્રી રામસિંહભાઈ આર. ગોહિલને રજૂઆત કરી હતી. આથી રામસિંહભાઈએ લોકોની રજૂઆત અંગે રાજ્યના ચૂંટણી કમિશનર, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગીર સોમનાથ જિલ્લાના કલેકટરને પત્ર લખ્યો છે.

# જસદણના ૫૦ યુવકોએ અંકલેશ્વરના સ્વામિનારાયણ મહોત્સવમાં સેવા આપી

જસદણ, તા.૦૫

જસદણ સ્વામિનારાયણ મંડળના ૫૦ યુવકોએ અંકલેશ્વર નજીક યોજાયેલા ભવ્ય સ્વામિનારાયણ યુવા મહોત્સવમાં સેવા આપી હતી. અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર ૪૮ પાસેના એરપોર્ટ નજીકના ગ્રાઉન્ડમાં તા. ૪ અને ૫ મી જાન્યુઆરીના રોજ શ્રી હરિ પ્રબોધમ યુવા મહોત્સવનું આયોજન થયું હતું. ગુરુહરિ પ. પૂ. હરિપ્રસાદ સ્વામીજીના ૯૧મા પ્રાગટ્ય પર્વને અનુલક્ષીને આ મહોત્સવ યોજાયો હતો. કાર્યક્રમના પ્રથમ



દિવસે મહારક્તદાન શિબિર યોજાઈ હતી. બીજા દિવસે સત્સંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. બે દિવસીય કાર્યક્રમમાં દેશ-વિદેશમાંથી અંદાજે દોઢ લાખથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. મહાપ્રસાદી માટે વિશેષ ૧૦ વીઘા વિસ્તારમાં રસોઈઘર બનાવવામાં આવ્યું હતું. છેલ્લા એક મહિનાથી ૩૦૦ જેટલા સ્વયંસેવકો સેવા આપી રહ્યા હતા. પ્રગટ ગુરુહરી પ્રબોધજીવનસ્વામીજી મહારાજના આશીર્વાદ લેવા માટે જસદણથી પાંચ બસ ગઈ હતી.

# ધોરાજીનાં જૂનાગઢ રોડ પર યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ધોરાજી, તા.૦૫

ધોરાજીનાં જૂનાગઢ રોડ પર યુવકે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા પોલીસે મૃતક યુવાનનાં મૃતદેહનું પીએમ કરાવીને કાર્યવાહી હાથ ધરી હતી. ધોરાજીમાં જૂનાગઢ રોડ પર આવેલ દુકાનના છાપરા પર અજાણ્યા યુવાનનો લટકતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતાં ધોરાજી સીટી પોલીસ મથકનાં પીઆઈ રવી ગોધમ સહિતનો પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન મધ્ય પ્રદેશનો અને નામ ગોલૂભાઈ ખડક સિંગ હોવાનું જાણવા મળ્યું હતું. તામસી સ્વભાવના કારણે યુવકે જાતે ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# ઉના તાલુકાના સૈયદ રાજપરા બંદર ગામે ૩ આંગણવાડીના નવા ઓરડાઓ બનાવવા માંગ

ઉના, તા.૦૫

ઉના તાલુકાનું સૈયદ રાજપરા બંદર ગામ છેવાડાનો વિસ્તાર છે. અહીં આશરે ૧૫,૦૦૦ ની વસ્તી છે. ગામના લોકોની મુખ્ય આજીવિકા માછીમારી સાથે સંકળાયેલી છે તેમજ અન્ય ગામોના લોકો પણ રોજગારી માટે સૈયદ રાજપરા ગામમાં આવી વસવાટ કરે છે અને સ્થળાંરીત માછીમારો આશરે ૫૦૦૦ જેટલા છે. જેથી અહીં બન્ને મળીને આશરે ૨૦૦૦૦ જેટલા લોકો અહીં કાયમી માટે વસવાટ કરે છે. ગામમાં કુલ ૫(પાંચ) આંગણવાડી કેન્દ્રો આવેલા છે. જેમાંથી ૩(ત્રણ) કેન્દ્રો હાલ પણ ભાડાના મકાનમાં છે. તેથી આ ૩(ત્રણ) આંગણવાડીના નવા ઓરડાઓ તાત્કાલીક બનાવવા માંગ કરવામાં આવી હતી.

**રાજુલાના મહે. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.રાજુલા//-**

પરચુરણ અરજી નં.૪૬૪/૨૦૨૪

અરજદાર... ભીલ ભાવેશભાઈ રણછોડભાઈ, ઉ.વ.૩૮, ધંધો : મજુરી, ધર્મે : હિન્દુ
રહે. કોટડી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા.... જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મું. કોટડી, તા.રાજુલા, જી.અમરેલી

**-:નોટીસઃ-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના રાજુલા ગામના વતની શ્રી ભીલ ભાવેશભાઈ રણછોડભાઈ અરજદારે તેમના પિતા સ્વ. ભીલ રણછોડભાઈ માધાભાઈ નુ અવસાન તા. ૦૯/૦૨/૨૦૦૪ ના રોજ મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી. વી.એ.વાળા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખઃ૨૦, માહેઃ નવેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

મુ. - રાજુલા
તારીખ :- ૨૦/૧૨/૨૪

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં, મું.રાજુલા**

જન્મ/મરણ અરજી નંબર/ ૪૦૯ /૨૦૨૪

અરજદાર :- શ્રી અરવિંદભાઈ મંગળભાઈ ગુજરીયા,
સરનામુંઃ- રહે. ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને
તલાટી કમ મંત્રીશ્રી, ચાંચ
તા.રાજુલા, જી.અમરેલી

**-:નોટીસઃ-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના **ચાંચ** ગામના શ્રી અરવિંદભાઈ મંગળભાઈ ગુજરીયાએ તેમના બહેન શ્રી ગુજરીયા સવિતાબેન મંગળભાઈનો જન્મ તા.૨૯/૦૬/૧૯૮૩ ના રોજ જન્મ ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તારીખ.૦૫, માહે.ઓકટોબર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.**

**સ્થળઃ- રાજુલા**
**તારીખ :- ૦૫/૧૦/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**રાજુલાના મહે. એકિઝક્યુટિવ મેજી.સાહેબની કોર્ટમાં, મું.રાજુલા//-**

પરચ.અનં. /૨૦૨૪

અરજદાર :- વાડદોરીયા જયસૂખભાઈ વલ્લભભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધર્મે : હિન્દુ ,
ધંધો : મજુરી, રહે. વાવેરા, તા. રાજુલા, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામેવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી,
ગ્રામ પંચાયત : વાવેરા

**-:નોટિસઃ-**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ કે અમરેલી જિલ્લાના રાજુલાના **વાવેરા** ગામના શ્રી વાડદોરીયા જયસૂખભાઈ વલ્લભભાઈ ના બેન વાડદોરીયા દયાબેન વલ્લભભાઈ નો જન્મ તારીખ : ૦૯/૦૨/૧૯૭૮ ના જન્મ થયા અંગેની નોંધ કરાવાવ તેમના **વિ.વકીલ શ્રી નરશી વી. બારૈયા** મારફત અત્રે કોર્ટમાં ઉપરોકત નંબરની અરજ કરેલ છે. તો આ કામના સદર નોંધ અંગે કોઈપણ ને કોઈ વાંધો વિરોધ કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરી રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર કરેલ વકીલ મારફત હાજર રહી વાંધા તથા પુરાવા રજૂ કરવા જાણ કરવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખઃ૧૬, માહેઃ ડિસેમ્બર સને. ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**મુ. - રાજુલા**
**તારીખ :- ૧૬/૧૨/૨૪**

**સહી**
**તાલુકા એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ**

**તાલુકા એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં. ૪૯૧/૨૪

અરજદાર :- ભાલીયા કાનાભાઈ રામભાઈ, ઉ.વ.આ.પુખ્ત, ધર્મેઃહિન્દુ, ધંધોઃમજુરી,
રહે. વાવેરા, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામેવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
ગ્રામ પંચાયત : વાવેરા

**-:નોટિસઃ-**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના **વાવેરા** ગામના શ્રી ભાલીયા કાનાભાઈ રામભાઈ નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૫૯ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી નરશી વી. બારૈયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો વિરોધ કે તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિધ્ધ થયા ના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સામે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખઃ૧૬, માહેઃ ડિસેમ્બર સને. ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**મુ. - રાજુલા**
**તારીખ :- ૧૬/૧૨/૨૪**

**સહી**
**તાલુકા એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**તાલુકા એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં. ૪૮૯/૨૪

અરજદાર :- ગુજરીયા વનરાજભાઈ દાદજીભાઈ
સરનામુઃ- વાવેરા, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામેવાળા :- તલાટી કમ મંત્રી શ્રી,
-વ-
જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી,
ગ્રામ પંચાયત : ચાંચ

**-:નોટિસઃ-**

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના **ચાંચ** ગામના શ્રી લાલજીભાઈ દાદજીભાઈ ગુજરીયા નો જન્મ તા. ૧૦/૦૬/૨૦૦૩ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી નરશી વી. બારૈયા** મારફત અત્રે કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો વિરોધ કે તકરાર હોય તો તેમણે સદરહું નોટિસ પ્રસિધ્ધ થયા ના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સામે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખઃ૧૬, માહેઃ ડિસેમ્બર સને. ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**મુ. - રાજુલા**
**તારીખ :- ૧૬/૧૨/૨૪**

**સહી**
**તાલુકા એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

**રાજુલાના મહે. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.રાજુલા//-**

જન્મ અરજી નં.૪૬૧/૨૦૨૪

અરજદાર... ભરતભાઈ ભાણાભાઈ પરમાર, ઉ.વ.૫૪, ધંધો : કોન્ટ્રાકટ, ધર્મે : હિન્દુ
રહે. ભેરાઈ રોડ - રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા.... જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી
-વ-
ચીફ ઓફીસર સાહેબ, રાજુલા નગરપાલિકા કચેરી,
મું. રાજુલા, તા.રાજુલા, જી.અમરેલી

**-:નોટીસઃ-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા, ગામના વતની **શ્રી ભરતભાઈ ભાણાભાઈ પરમાર** અરજદારે તેમની **ભત્રીજી પારસબેન મોહનભાઈ પરમાર નો જન્મ તા.૦૫/૦૬/૧૯૮૯** ના રોજ થયેલ છે. જેના જન્મ અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી. વિ.એ.વાળા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા ના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયેથી નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખઃ ૦૫, માહેઃ નવેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સ્થળ :- રાજુલા**
**તારીખ :- ૦૫/૧૧/૨૦૨૪**

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

# પોરબંદર કોસ્ટગાર્ડ એર એન્કલેવમાં હેલિકોપ્ટર ક્રેશ, ૩ લોકોના મોત

પોરબંદર,તા.૫

પોરબંદરના કોસ્ટગાર્ડ એરપોર્ટ પર હેલિકોપ્ટર ક્રેશ થયાના સમાચાર સામે આવ્યા છે. કોસ્ટગાર્ડ એર એન્કલેવમાં એક હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ પોરબંદર કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. જેમાં ૩ કોસ્ટગાર્ડ જવાનો શહીદ થયા હતા.

પોરબંદરના કોસ્ટગાર્ડ એર એન્કલેવમાં હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. દુર્ઘટના બાદ હેલિકોપ્ટરમાં વિસ્ફોટ થયો હતો. હેલિકોપ્ટરમાં આગ લાગ્યા બાદ ફાયર ફાઈટર આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર હેલિકોપ્ટરમાં સવાર ત્રણ લોકોના મોત થયા છે. આ ઘટનાથી સુરક્ષા એજન્સીઓમાં ખળભળાટ મચી ગયો છે.

ફાયર વિભાગ અને પોલીસની ટીમ પણ એરપોર્ટ પર પહોંચી ગઈ હતી. માહિતી સામે આવી કે કોસ્ટગાર્ડ એર એન્કલેવમાં એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે. અન્ય ઘાયલ થયા છે. જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એવું માનવામાં આવે છે કે હેલિકોપ્ટર ક્રેશ થતાં વિસ્ફોટ થયો હતો. ફાયર બ્રિગેડ અને મેડિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. કોસ્ટગાર્ડ એર એન્કલેવમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે. પ્રાથમિક વિગતો મુજબ હેલિકોપ્ટર કોઈ ટેકનિકલ ખામીના કારણે ક્રેશ થયું હોવું જોઈએ. આ સાથે હેલિકોપ્ટરમાં બે પાયલટ અને અન્ય ત્રણ લોકો સવાર હોવાની માહિતી પણ સામે આવી રહી છે. પ્રાથમિક વિગતો મુજબ હેલિકોપ્ટર કોઈ ટેકનિકલ ખામીના કારણે ક્રેશ થયું હોવું જોઈએ.

જિલ્લા કલેકટરે ત્રણ લોકોના મોતની પુષ્ટિ કરી છે. એવું માનવામાં આવે છે કે તાલીમ દરમિયાન હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. મૃતકોને પોરબંદરની સરકારી ભાવસિંહજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. એફએસએલની ટીમ પણ ત્યાં પહોંચી ગઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે હેલિકોપ્ટરમાં ટેક્નિકલ ખામીના કારણે આ દુર્ઘટના થઈ છે. એજન્સીઓ એરપોર્ટની અંદર ઝીણવટભરી તપાસ કરી રહી છે. અકસ્માત બાદ હેલિકોપ્ટર બળી ગયું હતું.



# સુરતમાં સ્ટેટ લેવલ કબડ્ડીના ખેલાડીનું અચાનક મોત, પરિવારમાં શોકનો માહોલ

**કબડ્ડી-જિમ કરીને ઘરે આવ્યા બાદ ચાનો કપ લઈ સોફા પર બેઠો અને પ્રાણપંખેરું ઊડી ગયું**

રાજકોટ, તા.૦૫

રાજકોટમાં રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ ૩.૦નો ગતરોજ (૪ જાન્યુઆરી)ના મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એથ્લેટિક્સ મેદાન પરથી ખેલ મહાકુંભનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તે વચ્ચે સુરત પાલના સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી સ્ટેટ લેવલના કબડ્ડીના ખેલાડીનું અચાનક મોત થતા પરિવાર આઘાતમાં સરી ગયો છે. હાલ હાર્ટ એટેકથી મોતની આશંકા સેવવામાં આવી રહી છે. સુરતનો સ્ટેટ લેવલ ખેલાડી જય પ્રજાપતિ સવારે કબડ્ડી રમી અને જિમ કરીને ઘરે આવ્યા બાદ ચાનો કપ લઈ હોલમાં સોફા પર બેઠો હતો અને ઢળી પડ્યો હતો. જ્યારે રાત્રે પરિવારના સભ્યો ઘરે આવ્યા તો મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે પોસ્ટમોર્ટમની દિશામાં કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી છે.



# વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીની દિવાલ પર ચડેલા યુવકનું ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ

વડોદરા, તા.૦૫

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની દિવાલ પર રાત્રિના ત્રણ વાગ્યાની આસપાસ એક વ્યકિત દિવાલ પર ચડી ગયો હોવાનો કોલ વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને મળતા દાંડિયા બજાર ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ વ્યક્તિનું રેસ્ક્યુ કર્યુ હતું. વડોદરાની વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી અવારનવાર વિવાદોમાં આવતી હોય છે ત્યારે ગત મોડી રાત્રે અજાણ્યો શખ્સ યુનિવર્સિટીની દિવાલ પર ચડી જતા દાંડીયા બજાર ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. ઉપર રહેલ વ્યકિતએ ફાયર વિભાગને હંફાવ્યું હતું. આ અજાણ્યા શખ્સે રેસ્કયુ માટે ગયેલ ફાયર વિભાગના જવાનો પર બારીના કાચ તોડી ફેંક્યા હતા. તેનાં જવાબમાં ફાયર વિભાગે પાણીનો મારો પણ ચલાવ્યો હતો. બે કલાકની ભારે જહેમત બાદ આ શખ્સનું રેસ્ક્યુ કરી સયાજીગંજ પોલીસને સોંપવામાં આવ્યો હતો. સયાજીગંજ પોલીસે અને ફાયર વિભાગને બે કલાક સુધી ખડેપગે રાખનાર અજાણ્યા વ્યક્તિને પોલીસે તપાસ કર્યા વગર જ છોડી મૂક્યો હતો.



# બોટાદમાં પત્ની પીડિત પતિનો આપધાત

ભાવનગર,તા.૫

બેંગાલુરૂના અતુલ સુભાષની જેમ બોટાદમાં સુરેશ નામના વ્યક્તિએ પત્નીના ત્રાસથી આત્મહત્યા કરી લીધી છે. સુરેશે પત્ની પર ત્રાસ આપવાનો આરોપ લગાવીને ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો છે. યુવકે એક વીડિયો બનાવી પોતાની પત્ની પર ગંભીર આરોપ લગાવ્યા અને વિનંતી કરી છે કે 'એની એવી સ્થિતિ કરજો કે જીંદગીભર યાદ રાખે'. મૃતકના પિતાએ દીકરાની પત્ની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતકની પત્ની સામે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બોટાદના ઝમરાળા ગામે મજૂરીકામ કરતા સુરેશ સાથળિયાને પત્ની સાથે અવારનવાર ઝઘડો થતો હોય તેની પત્ની જયાબેન વારંવાર સાસરેથી ચાલ્યા જતા હતા. થોડા દિવસો પહેલા પણ આવી ઘટના બનવા પામી હતી અને ઝઘડો કરી જયાબેન તેમના પિયર નવાગામ ચાલ્યા ગયા હતા. ત્યારે સુરેશ સાથે ટેલિફોનિક વાતચીતમાં તેઓને સાસરે પાછું આવવું નથી તેવું કહી તેના પતિ અને ચાર બાળકોને તરછોડી દીધા હોવાના કારણે સુરેશને માનસિક આઘાત લાગતા તેણે વીડિયો વાઈરલ કરી તેઓ આત્મહત્યા કરી રહ્યા છે અને તેમના મોત માટે તેમની પત્ની જવાબદાર છે તેમજ તેના પર કાર્યવાહી કરવામાં આવે તેવું કહી રહ્યાં હોવાનું સામે આવ્યું હતું. બોટાદ ડીવાયએસપી નવીન આહિરે જણાવ્યું કે, મૃતકના માતા-પિતાના કહેવા મુજબ જયાબેન સુરેશ સાથે વારંવાર ઝઘડો કરતા હતા અને ન કહેવાના શબ્દો કહી અપમાનિત કરતા હતા. રોજબરોજ ઝઘડાની ઘટનાથી કંટાળી જઈ સુરેશે આત્મહત્યા કરી લીધી છે.



# જૂનાગઢ કલેક્ટરે પીએમજેએવાયમાં ગેરરીતિ અને અયોગ્ય કામગીરી માટે આઠ હોસ્પિટલોને નોટિસ ફટકારી

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૫

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં ગેરરીતિના કિસ્સાઓ સામે આવ્યા બાદ જૂનાગઢમાં કલેક્ટરે ૮ હોસ્પિટલોને નોટિસ ફટકારી છે. કેશોદની એક હોસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. ઈન્સ્યોરન્સ એજન્સી દ્વારા પણ ચેકિંગ કરાયું હતું. આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસમાં હોસ્પિટલોમાં બેદરકારી અને નિયમોનું ઉલ્લંઘન જોવા મળ્યું છે. રાજ્ય સરકારે યોજના હેઠળની વિવિધ સારવાર માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. જે હોસ્પિટલો આ માર્ગદર્શિકાનું પાલન નહીં કરે તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. સરકારનો હેતુ છે કે લાભાર્થીઓને યોજનાનો સંપૂર્ણ લાભ મળી રહે અને કોઈપણ પ્રકારની છેતરપિંડી ન થાય. રાજ્ય સરકારે યોજના અંતર્ગતની કાર્ડિયો, રેડિયો, કિમો, નિયોનેટલ કેર સહિતની સારવાર માટેની નવી માર્ગદર્શિકા બનાવી છે. આ એસઓપીનું જે હોસ્પિટલ પાલન નથી કરતી તેના પર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સરકારે આ મામલે કડક વલણ અપનાવીને દોષિતો સામે કાર્યવાહી કરવાની ખાતરી કરી છે.




# બીઝેડ પોન્ઝી સ્કીમમાં તપાસનો ધમધમાટ, અબજો રૂપિયાના બિનહિસાબી ટ્રાન્ઝેક્શન ઝડપાયા

અમદાવાદ,તા.૫

બીઝેડ પોન્ઝી સ્કીમમાં તપાસ તેજ બની છે. સીઆઈડી ક્રાઈમે બીઝેડની વેબસાઈટમાં તપાસ કરી છે. તેમજ વેબસાઈટમાં ૧૧ હજાર ૨૩૨ રોકાણકારોની એન્ટ્રી સામે આવી છે. તેમજ ૧ હજાર ૨૮૬ રોકાણકારની એન્ટ્રીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. કૌભાંડી ભૂપેન્દ્ર ઝાલાએ ૪૨૨ કરોડ રૂપિયા ઉઘરાવ્યા હતા. જ્યારે ૧૭૨ કરોડ રૂપિયા આપવાના બાકી દર્શાવ્યા હતા. બાકીના રૂપિયા ક્યાં ગયા તેની તપાસ થઈ રહી છે.

કૌભાંડી ભૂપેન્દ્રએ ૪૦ મોબાઈલ ફોન ખરીદ્યા હોવાનું પણ સામે આવ્યું છે. તેમજ આરોપીએ ૧૨ હજાર ૫૧૮ સ્ટેમ્પ પેપર પણ ખરીદ્યા હતા. બીઝેડ કૌભાંડ કેસમાં ભૂપેન્દ્ર ઝાલાના વધુ રિમાન્ડ મંજૂર થયા છે. સીઆઈડી ક્રાઈમે ૬ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી.

# માતાએ મોબાઈલ છીનવી લેતા પુત્રીએ આપઘાત કર્યો

(એચ.એસ.એલ),સુરત,તા.૫

સુરતમાં વાલીઓ માટે ચેતવણી સમાન કિસ્સો બન્યો છે. મોબાઈલ બાબતે ઠપકો આપતા ધોરણ ૮ની વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો હતો. માતાએ મોબાઈલ છીનવી લેતાં પુત્રીએ માતાની ગેરહાજરીમાં ઘરે ગળોફાંસો ખાઈ લેતા પરિવારમાં માતમ છવાયો છે. સુરતમાં પાંડેસરાના ચીકુવાડી વિસ્તારના આર્વિભાવ સોસાયટીમાં કરૂણ બનાવ બનવા પામ્યો છે.

















